# ગિરિરાજ આબૂ

સૌભાગ્યચન્દ્ર સિંગી

# ગિરિરાજ આબુ

★


સૌભાગ્યચંદ્ર [illegible] સંગી, એમ. એ.

અનુવાદક :

ગૌરીશંકર ગોપાલભાઈ ભટ્ટ, બી. એ. એલ એલ. બી.


★


પ્રકાશક :

શેઠ કલ્યાણજી પરમાનંદજી

મેનેજીંગ ટ્રસ્ટી, દેલવાડા [illegible] જૈન દેરાસરો

[illegible]



પ્રથમ સંસ્કરણ ૧૦૦૦

દ્વિતીય સંસ્કરણ ૩૦૦૦


કિંમત એક રૂપિયો

# પ્રસ્તાવના

ઘણા લાંબા વખતથી મારી ઇચ્છા જૈન ધર્મને કલા અને કારીગરીની દૃષ્ટિએ હિન્દી અને વિદેશી પ્રજા સમક્ષ મુકવાની હતી. અજેન્ટા અને ઇલોરાની ગુફાઓ બાબત ઘણા માણસો જાણે છે પરન્તુ દેલવાડાના જૈન મંદીરો વિષે માણસોનું જ્ઞાન ઘણું જ ઓછું છે. મારો આ પ્રયાસ સાધારણ જનતાનુ ધ્યાન આ તરફ ખેંચવાનું છે. જે રસીક જનો કલા અને કલાકૃતિઓ પ્રત્યે પોતાનો પ્રેમ રાખે છે તેઓને મારે કહેવું છે કે જૈન ધર્મ પાસે પણ બૌદ્ધ-ધર્મની જેમ અનુપમ અને અદ્‌ભૂત વસ્તુઓનો ખજાનો છે.

“આબુ” ઉપર કેટલાએ પુસ્તકો છે પરન્તુ મારી દૃષ્ટિએ તેઓ દેલવાડાના જૈન દેવમંદિરોને પૂરતો ન્યાય આપી શકયા નથી. આ ખોટ પૂરી કરવા પૂરતો આ નાનકડો પ્રયાસ મેં કર્યો છે. મેં બનતાં સુધી આબુને ફરતા બધા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોનો સમાવેશ કર્યો છે. મને આશા છે અહીં આવેલા સ્થળોને જોનારાઓને આ પુસ્તક સારી માર્ગદર્શિકાનું કામ સારશે.

શ્રી ગૌરીશંકર ગોપાલભાઇ ભટ્ટ બી. એ. એલ. એલ. બી. જેઓએ આ પુસ્તકનો સુંદર અને સરળ ભાષામાં અનુવાદ કરી આપ્યો છે તેમનો હું ખાસ આભારી છું.

આ સિવાય શેઠ કલ્યાણજી પરમાનંદજી સિરોહીવાળા જેઓ આ જૈન દેરાસરોના ટ્રસ્ટી છે અને જેમણે આ પ્રકાશનનો ખર્ચ ઉપાડી લીધો છે તેમનો પણ હું અત્યંત ઋણી છું. સ્વ. મુનિ જયન્તી વિજયજી મહારાજ સા. જેમના પુસ્તકની સહાય મેં આ પુસ્તક માટે લીધી છે તેમનો પણ ખાસ આભારી છું.

**સિરોહી**


તા૦ ૩૦ ઓગસ્ટ ૧૯૫૪ **—સૌભાગ્યચંદ્ર બી. સીંગી**

મુદ્રક : જવાહીર પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઈ, ૯.



સિંહવાહીની માતા અંબીકા

( મહાવીર વિદ્યાલયના સૌજન્યથી )



નખી લેક

# પૂર્વ ભૂમિકા

વિશ્વમાં કોઇ પણ સ્થળે જો સંસ્કાર અને સંસ્કૃતિ, કલા અને સ્થાપત્ય તેમજ ઐહિક અને આધ્યાત્મિક દૃષ્ટિકોણેનો સુભગ સમન્વય થયો હોય તો તે સ્થળ એક માત્ર ગિરિરાજ આબૂ જ છે. તેની પ્રતિષ્ઠા હિંદમાં તો જામેલી જ છે પણ હિંદની સીમાપારના યુરોપ અમેરિકા વગેરે દેશોમાં પણ તે પોતાનું પ્રાકૃતિક આકર્ષણ, ધાર્મિક ભાવના અને એથાયે વિશેષ પોતાની સ્થાપત્ય-અનુપમતા જાળવી રહ્યો છે. પોતાની કૌટુંબિક ચિંતાઓ, વ્યાપારની મથામણો અને સાંસારિક ઉપાધિયોને ભૂલી જઇ અસંખ્ય માનવીઓ પ્રતિવર્ષ આ સૌન્દર્યસભર પ્રદેશમાં નદીના પ્રવાહરૂપે ઉલટે છે. અહીંની સમૃદ્ધ કુદરતના દૃશ્યોમાંથી તેઓ શાંતિ અને સામંજસ્ય મેળવે છે. આ આલ્હાદક સ્થળના નૈસર્ગિક અને રંગીન દ્રશ્યોની વચ્ચે સુંદર સુંદર નાના નાના ઝરણાઓ અને ધોધો અમર આબૂની ગાથાઓ સતત ગાયા કરે છે, તો વળી કોઇ શીતળ વાયુલહરી વિવિધ ફૂલોના પરાગને લઇ જઇ ઉનાળાના કંટાળ ભરેલા દિવસોમાં માનવ હૃદયને શાંત્વના તેમજ પ્રસન્નતા અર્પે છે. ચોપાસ વેરાયેલી નાની મોટી ટેકરીઓ તેની ઉપર કુદાકુદ કરતા વાનરો, (સ્વછંદે ખેલતા) અને મધુર ગીત ગાતા પંખીઓ કોઇ અદ્વિતીય કલાકારની કલાકૃતિને પણ ઝાંખો પાડી દે તેવા ચિત્રાત્મક દ્રશ્યોને રજુ કરે છે; તો વળી સનાતન કાળથી આબૂ જેમની તપોભુમિ બની રહ્યો છે એવા વિરલ આત્માઓ કેટલીક છુટીછવાઇ ગુફાઓમાંથી મુકિત અને શાશ્વતશાંતિનો સંદેશ પ્રસારિત કરી રહ્યાં છે. અને અંતે દેલવાડાના ભવ્ય દેવમંદિરોએ તે માનવીની બુદ્ધિમત્તા, સંપત્તિ અને કાર્યદક્ષતા સામે પડકાર ફેંક્યો છે. મનોમન પ્રશ્ન થયા કરે છે, શું આ માનવકૃતિ છે કે દૈવી? આબૂ કરતાં અનેક ઘણાં વધારે રમણીય અને આલ્હાદક પહાડી ગ્રીષ્મ-

વિહારો જગત પર વેરાયેલાં છે છતાં દેલવાડાના જૈન મંદિરોએ આબૂ માટે વિશ્વવ્યાપી નામ અને કીર્તિ મેળવી આપ્યા છે. ભિન્ન વૈવિધ્યયુક્ત આકૃતિઓ, અપૂર્વ કોતરણી અનુપમ સુંવાળસ અને જૈન ધર્મના ગ્રંથોનો ઇતિહાસ તેમજ સંદેશ અર્પતી આરસ પથ્થરની સૂક્ષ્મ અટપટી કોતરણીવાળા મધ્યયુગના આ ભવ્ય અવશેષો ધાર્મિક ભાવના અને ઉચ્ચ કલાસિદ્ધિને વ્યક્ત કરે છે. લગભગ હજાર વર્ષોથી આ સુંદર અને અનુપમ શિલ્પે ક્રૂર લૂંટારાઓ અને કુદરતના પ્રકોપેનો સહન કર્યા છે. મંદિરોની રચના એટલી વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવી છે કે તેના કોઇ પણ નાના ભાગને બદલાવવાનું કાર્ય વ્યવસ્થાપકો માટે મુંઝવણ ઉભી કરી દે છે, કલા નુરાગી જગતભરના પ્રવાસીઓ જ્યારે આ સ્થળની મુલાકાત લે છે. ત્યારે તેઓ આશ્ચર્યચકિત અને દિંગ્મૂઢ બની પોતાની હાર્દિક અંજલિઓ અર્પી જાય છે.

આવો છે આનંદઘન ગિરિરાજ આબૂ. પ્રવાસીએ જોયા વગર ચાલે નહિ એવા બીજા પણ અનેક આકર્ષક સ્થાનો ત્યાં છે. તેમાંના કેટલાક ધાર્મિકદ્રષ્ટિએ અગત્યના છે, કેટલાંકની પાછળ દંતકથાઓ અને ધર્મપુરાણોના રહસ્યો સંકળાયેલા છે તો વળી કેટલાંક નૈસર્ગિક રીતે જ રૂપાળાં છે. નીચેના સ્થળો પોતાની વિશેષ અગત્ય ધરાવે છે.

(૧) દેલવાડા અને અચલગઢના જૈન દેવાલયો (૨) ગુરૂશિખર (૩) અચલેશ્વર- મહાદેવ (૪) મંદાકિની કુંડ (૫) ભર્તૃહરીની ગુફાઓ તેમજ નલ અને ગોપીચંદની ગુફાઓ (૬) કોટેશ્વર મહાદેવ (૭) કન્યાકુમારી (૮) રસિયાવાલમ (૯) અર્બુદાદેવી (૧૦) રઘુનાથજીનું મંદિર (૧૧) રામઝરૂખો (૧૨) રામકુંડ (૧૩) વસિષ્ઠાશ્રમ (૧૪) ગૌમુખી ગંગા (૧૫) ગૌતમ આશ્રમ (૧૬) માધવાશ્રમ (૧૭) વાસ્થાનજી (૧૮) કોડીધ્વજ (૧૯) ઋષિકેશ (૨૦) નખી સરોવર (૨૧) કોગપોઇન્ટ.

# પરિસ્થિતિ

**સ્થાનઃ**—અરાવલ્લી ગિરિમાળાના એક અંગ સમો આબૂ રાજસ્થાનના દક્ષિણભાગમાં આવેલો છે બહારની દુનિયા સાથે તે આબૂરોડ અને અનાદરા એમ બે બાજુઓથી સંકળાયેલો છે અમદાવાદ અને અજમેરની વચ્ચે આબૂરોડ પશ્ચિમ રેલ્વેનું અગત્યનું સ્ટેશન છે અને તે આબૂપર્વતની સાથે સત્તર માઇલ લાંબા ડામરના રસ્તા, તાર અને ટેલીફોનથી જોડાયેલું છે. આબૂરોડ અને આબૂપર્વત વચ્ચે નિયમિત બસો દોડે છે. આબૂરોડમાં પણ દિવસ પસાર કરવા માટેની બધી જ સગવડો છે. આબુ–આબૂરોડ માર્ગ પર બે નોંધનીય સ્થળો છે. એક તો "શાંતિ–આશ્રમ" અને બીજું "આરણા" ગામ કે જ્યાં પર્વત પર જતાં મુસાફરો બે ઘડી પોરો ખાય છે. બીજી બાજુ અનાદરા કે જે અજમેર–ડીસાના કાચા માર્ગ પર આવેલું છે...ત્યાંથી એક વિકટ રસ્તો ઉપર જાય છે. આ કાચો રસ્તો ટટ્ટુ વિગેરે પર શાકભાજી, દૂધ, ઘી વગેરે લઇ જતાં મજુરો જ ઉપયોગમાં લે છે. છ માઇલ લાંબો રસ્તો સરખા સરખાઓ માટે એક નાનાં આનંદપર્યટનની ગરજ સારે છે. બીજા પણ કેટલાંક માર્ગો છે જેમનો ઉપયોગ ફક્ત સ્થાનિક લોકો અને ભોમિયાઓ જ ઉપર જવા માટે કરે છે, આબૂનું ઉંચામાં ઊંચુ શિખર–ગુરૂશિખર પાંચ હજાર છસો ને પચાસ ફૂટ ઉંચુ અને આબૂકેમ્પ સમુદ્રની સપાટીથી ચાર હજાર ફૂટ ઉંચો છે. બાર ચોરસ માઇલનો ઘેરાવો ધરાવતા આબૂ ઉપર બાર નાના ગામડાંઓમાં લગભગ ૬૦૦૦ લોકો વસવાટ કરે છે.

આબૂ પાસે ખુશનુમા હવાનો ખજાનો છે. ઊનાળાના આકરા દિવસોમાં પણ ઉષ્ણુતાપમાન ૯૦° ડીગ્રીથી ઉપર જતું નથી. સામાન્યતઃ ત્યાંનું ઉષ્ણુતાપમાન ૮૦° ફે. થી ૮૫° ફે. ના બિંદુઓ વચ્ચે ઝોલા ખાયા કરે છે. વરસાદનું સરેરાશ પ્રમાણ ૭૦ ઇંચનું છે

અને ચોમાસું જૂન મહિનાથી શરૂ થાય છે. ડિસેમ્બરથી જાન્યુઆરી સુધીના શિયાળાના દિવસો સૌ કરતાં વધારે કપરા હોય છે. આવી ઠંડી હવાને લીધે આબૂરાજનો સમગ્ર દેહ બારેમાસ વૃક્ષ વેલાઓ અને વનરાજીથી લીલોછમ રહે છે. ગાઢ રીતે મ્હોરેલા ઓસડિયાઓ, શાકભાજી અને કરમદાં, જાંબુ આંબા, વાંસ અને અનેક ઔષધિઓ આબુના લોકોને આજીવિકા પુરાં પાડે છે...... માનવીએ નહિ પણ સ્વયં કુદરતે ઉછરેલાં તાજગીભરી સુવાસ અને પરિમલથી મહેકતાં રંગીન ચંપા, ગુલાબ, મોગરા, જાઇ, કેતકી અને થોકે થોક લહેરાતા અનેક ફૂલો જે આખાયે આબૂરાજાના હૈયામાં મ્હેકી રહ્યાં છે તેનો આનંદ કોઇ પણ સૌંદર્ય અને કુદરતનો ચાહક માણી શકે છે.

## નામાભિધાન

આબૂનો ઇતિહાસ અગમ્ય છે પરંતુ કેટલાક તેના વિષેના ઉલ્લેખો શાસ્ત્રોમાં મળી આવે છે. તે ઉપરથી એમ કહી શકાય કે રામાયણ કાળના વસિષ્ઠ નામે એક ઋષિ હતા. તેઓ આબૂ ઉપર તપસ્યા કરતા હતા. તેમની યજ્ઞવેદીમાંથી ચાર પુરૂષો બહાર આવ્યા. અનુક્રમે પરમાર, પઢીહાર, સોલંકી અને ચૌહાણ. તેમનાથી પછી ચાર રાજપૂત કુળોનો વંશવેલો વધવા માંડ્યો.

"આબૂ" એ નામ વિષે આ પ્રમાણે લોકવાર્તા છે. આબૂનું નામ ભૂજંગરાજ અર્બુદ ઉપરથી લેવામાં આવ્યું છે. એક વખત વસિષ્ઠમુનિની ગાય એક ઉંડા ખાડામાં પડી ગઇ. તેણે ખૂબ પ્રયત્ન કર્યા છતાં તે ખાડાની બહાર આવી શકી નહિ. એટલે થોડો સમય તે ત્યાં રહી એ દરમ્યાનમાં તેનાં આંચળોમાંથી ઝરેલા દુધથી તે ખાડો ભરાઇ ગયો અને પછી તે પોતે તરીને ઉપર આવી ગઇ. ફરીથી આવો બનાવ ન થાય એ હેતુથી વસિષ્ઠમુનિ નગાધિરાજ હિમાલય પાસે તે રાક્ષસી ખાડાને પુરાવી નાખવા માટે ગયા. હિમાલય પોતાના પુત્ર નંદીવર્ધનને તેમ કરવા કહ્યું જેથી તેણે અર્બુદ

નામના સર્પની સાથે અહીં આવીને તેમ કર્યું. આ ઉપરથી આ પહાડને નંદિ પર્વત અથવા અર્બુદ તરીકે ઓળખવામાં આવે છે. ઐતિહાસિક સત્ય વિનાની આતો માત્ર એક દંત કથા છે. ગમે તેમ હો પણ એટલું તો નિશ્ચિંત છે કે આ સ્થળ સંત સન્યાસીઓની તપો ભૂમિ બની રહ્યું હતું. આબુરોડ પાસેના મુંગથલા નામના ગામમાંથી મળી આવેલા એક શિલાલેખ પરથી એમ કહી શકાય કે ૨૫૦૦ વર્ષ પહેલાં પોતાના ગુપ્ત એકાંત કાળ દરમ્યાન ભગવાન મહાવીરે આ સ્થળની મુલાકાત લીધી હતી.

# ઇતિહાસ

કેટલાંક આબૂ વિષયક ઉલ્લેખો ધાર્મિક પુસ્તકોમાં મળી આવે છે પરંતુ પ્રથમ ઐતિહાસિક પુરાવો ઇ સ ૭૦૦ નો ઉપલબ્ધ થયો છે. સિરોહી જીલ્લાના વસંતગઢમાં ઇ. સ. ૬૨૫ માં મળેલો શિલાલેખ કહે છે કે, આબૂની રાજ્ય વ્યવસ્થા, ભીનમાલના રાજા વર્મલાતના સુબા વજ્રભટ (સત્યાશ્રમ) નો પુત્ર સામન્ત રાજીલ કરતો હતો. રાજીલના પૂર્વજો કે અનૂજો વિશેષની એકપણ વિગત અત્યારે ઉપલબ્ધ નથી. હા, એ શકય છે કે તે વખતના સંસ્કૃતિ, સંસ્કાર અને રાજ્યોના કેન્દ્ર ભીનમાળના ભવિષ્યની સાથે જ અબુની પણ ચડતી અને પડતી આવી હશે. પરમારોના અવ્યવસ્થિત ઇતિહાસની શરૂઆત તેના મૂળ પુરૂષ ધૂમરાજ કે જેના વિષેના કોઇ પણ અવશેષો મળતા નથી તેનાથી થઇ. તેજ વંશમાં નિયમિત નામાવલી અને હકિકતની શરૂઆત આબૂના સિંધુરાજથી થાય છે. આબુ પરનું પરમારોનું એક હથ્થુ રાજ્યશાસન સિરોહી, દાંતા, પાલનપુર અને ઇડર ઉપર પણ વિસ્તરેલું હતું. ચંદ્રાવતી તેનું પાટનગર હતું.

સિન્ધુરાજ પછી ઉત્પલરાજ રાજા થયા ત્યાર પછી અરણ્યરાજ અને કૃષ્ણરાજ એમ અનુક્રમે રાજા થયા. ઇ. સ. ૯૬૧ પછી ગુજ-

રાતના મુળરાજ સોલંકીએ કૃષ્ણરાજના પુત્ર ધરણીવાહ પર ચઢાઇ કરી. આ સમય પછી આબૂ પર પરમારોનું રાજ્ય અસ્ત થયું અને ગુજરાતના સોલંકીઓની સત્તા જામી. આબુના પરમારો અણહિલવાડ–પાટણના રાજવીના ખંડિયા રાજવીઓ બન્યા. નિરાશ થએલા ધરણીવાહનો પુત્ર ધંધુક પાસે ગયો. તે વખતે ભીમદેવના વખતના ગુજરાતના મહામાત્ય વિમળશાહ ધંધુક પાસે ગયા અને સંધિ કરવા માટે રાજવીને સમજાવ્યા. ઇ. સ. ૧૦૩૧ ની આસપાસ લગભગ રૂપીઆ અઢાર કરોડને ખર્ચે વિમળશાહે આબૂ પર દેલવાડા નામના સ્થળે વિમલ-વસહીના ભવ્ય મંદિર બંધાવ્યાં, ધંધુક પછી અનેક નિષ્કિન્ચિન રાજાઓ આવી ગયા ...અને તેમને ભૂલતાં ભૂલતાં આખરે આપણે ધારાવર્ષ દેવ સુધી આવી પહોંચીએ છીએ. ધારાવર્ષ-દેવ વીર મુખી હતો. તે ઇ. સ. ૧૧૭૮ માં શાહબુદ્દિન ઘોરી સામે લઢયો હતો. આ લડાઇની અંદર સિરોહી જીલ્લાના કાયદ્રા મુકામે શાહબુદ્દિન ઘાયલ થયો હતો અને આખરે તેની હાર પણ થઇ હતી. આજે પણ અચલગઢ પર જે કુંડ છે તેની એક બાજુ ધારાવર્ષદેવનું હાથમાં ધનુષ્ય ખેંચેલું પથ્થરનું પુતળું છે.

ધારાવર્ષ પછી ગાદી પર તેનો પુત્ર સોમસિંહ આવ્યો. તેના રાજ્યકાળ દરમ્યાનમાં ઇ. સ. ૧૨૩૦ માં વસ્તુપાળ અને તેજપાળ નામના બે ભાઇઓએ દેલવાડા પર એક બીજું અપૂર્વ... અદ્દભૂત મંદિર બાંધ્યું. ધારાવર્ષદેવ પછી આબૂની ગાદીએ નિર્બળ... તેજાહર્ન રાજવીઓ આવ્યા અને ચાલ્યા ગયા. તેમના રાજ્યકાળ દરમ્યાન જ પરમારો પોતાની ભૂમિ ગુમાવવા લાગ્યા. ઇ. સ. ૧૩૧૧ સુધીમાં દેવડા ચૌહાણોમાં મુખ્ય રાવ લુંભાએ આબૂના છેલ્લા પરમાર રાજવીને મારીને તેમનો વંશદિપ-ઓલવી નાંખ્યો. આબૂ અને આસપાસના પ્રદેશનો તે સ્વામી બન્યો. આખા સિરોહી પ્રાંતનું ચંદ્રાવતી પાટનગર હતું. ઇ સં. ૧૪૦૫માં રાવસહસમલે ચંદ્રાવતીમાંથી

રાજધાની ખસેડીને સિરોહી શહેરમાં સ્થાપિત કરી મુસલમાન અને મોગલોના અસ્થિર અને અંધકારભર્યા રાજ્યકાળ દરમ્યાન સિરોહીના રાજવીઓ બળવાન દુશ્મનની સામે આબૂના કિલ્લામાં જઇને શૌર્યથી લડ્યા છે અને પોતાનું સ્વાતંત્ર્ય જાળવી રાખ્યું છે.. કરનલ માલેસને યોગ્ય જ કહ્યું છે કે,

**"રાજસ્થાનની મરૂભુમિ પર સિરોહી જ એક એવું રાજ્ય છે જેણે મોગલ, રાઠોડ કે મરાઠાઓની સર્વોપરિતા સ્વીકાર્યા વગર પોતાની સ્વાતન્ત્ર્યતા જાળવી રાખી છે."**

આનો સમગ્ર યશ આબૂને મળે છે. અને ઇ. સ. ૧૫૮૩ માં અકબર જેવા સમ્રાટના શાહી લશ્કરને પણ મહારાણા પ્રતાપના સમકાલીન સિરોહીના રાવ સૂરતાનને હાથે આબુગઢના દત્તાણી ક્ષેત્રે હાર ખાવી પડી હતી.

આ રીતે જોતાં સિરોહીનો ઇતિહાસ એજ આબૂનો ઇતિહાસ છે. સમયના પરિવર્તન સાથે રાજસ્થાનના દરેક રાજવીએ અંગ્રેજ સલ્તનત સાથે સુલેહ કરી. ઇ. સ. ૧૮૨૨ માં કર્નલ ટોડ આબૂ પર આવ્યા. તેઓ કહે છે તેમ એમણેજ "આબુ શોધ્યો." ઇ. સ. ૧૮૫૪ માં રજપૂતાનાના પોલીટિકલ એજન્ટે પ્રથમવાર આબુપર સ્થાઇ વસવાટ કર્યો અને તે જ વખતે પંદર શર્તોવાળી સંધિ સિરોહીના રાવ શિવસિંહ સાથે કરવામાં આવી. ૬ઠી ઓકટોબર ૧૯૧૭ માં રૂપીઆ ૨૭૦૦૦ વાર્ષિક પોતાને મળે એ શરતે બ્રિટિશ સરકારને તેમના રાજ્યકાળ સુધી આબુ લીઝ પર આપ્યો. જ્યારે બ્રિટિશ સરકાર હિંદમાંથી ગઇ ત્યારે જતાં જતાં તે આબુ પાછો સિરોહીને આપતી ગઇ. ૧૬મી જુલાઇ ૧૯૪૭ માં આબુ સિરોહીને સુપ્રત થયો. સિરોહી રાજ્યનું ૨૫મી જાન્યુઆરી ૧૯૫૦ ને દિવસે જ્યારે વિભાજન થયું ત્યારે આબુ અને તેની આસપાસનો પ્રદેશ મુંબઇ

પ્રાંતમાં ગયો હતો. બનાસકાંઠાના કલેકટર અહીંની દેખરેખ રાખતાં હતાં. હિન્દ સરકારે આ વિભાગ અંગે રાજસ્થાનની તરફેણમાં આંદોલનનો ભારે વેગ જોઇને આ પ્રશ્નને સીમા–પંચને સોંપી દીધો. સીમાપંચના સભ્યો અહીંયા આવ્યા અને તેઓએ રાજસ્થાની ભાવના, ભાષા, સંસ્કૃતિ, ઇતિહાસના સ્પષ્ટ ચિન્હો જોયા પછી આબુ વિભાગને રાજસ્થાનને ફરી આપવાની ભલામણ કરી. ૧લી નવેમ્બર ૧૯૫૬માં જ્યારે આખા દેશનો નકશો ફરીથી દોરવામાં આવ્યો ત્યારે આબુ કુદરતી રીતે રાજસ્થાન સાથે ભળ્યું. હવે ત્યાં સિરોહીના કલેકટરની દેખરેખ છે અને એક એસ ડી. ઓફીસ રાખવામાં આવી છે. મધ્યસ્થ સરકારે અહિં એન. સી. સી. નું ટ્રેઇનિંગ સેન્ટર ખોલ્યું છે. અંગ્રેજો આવ્યા ત્યારથી જ આબુ અંગ્રેજો, રાજામહારાજાઓ અને શ્રીમંતોનું ગ્રીષ્મ નિવાસ બની રહ્યું છે. આ કારણને લીધે અનેક વિકાસ યોજનાઓ અમલમાં આવી અને સાથે જ આ ધાર્મિક સ્થળ હોવાથી આબુ એક સુંદર સ્થળ બની ગયું છે.

## મુલાકાતિઓ–પ્રવાસીઓ અને જાત્રાળુઓ માટે

જે વ્યકિત અથવા જાત્રાળુએ આબુ જવું હોય તેણે આબુરોડ સ્ટેશને ઉતરવું. અહિં સ્ટેશનની પાસે જ તેને રેલ્વેના સમય સાથે સુમેળ રાખતી બસ આબુ જવા માટે મળશે. એક કલાકની અંદરજ બસ મુસાફરને પહાડની ઉપર ૧૭ માઇલ લઇ જશે. ઉપર જવાનો રસ્તો પાકો ડામરનો છે. ઉપર જતાં અધવચ્ચે છીપાવેરી પાસે બસ ઉભી રહે છે. દસેક મિનિટ ઉતારૂઓ વિશ્રામ લે છે. આ સ્થળથી જેમ જેમ ઉપર જઇએ તેમ તેમ વાતાવરણની શીતલતા અને વિવિધ ફુલો અને વનસ્પતિની આહ્લાદક સુવાસનો અનુભવ થવા લાગે છે. આબુ સિવિલ સ્ટેશન પર બસ સ્ટેન્ડની પાસે જ આવીને બસ ઉભી રહે છે. અહીં પોતે કયાં રહેવાના છે તે પ્રવાસીઓએ નક્કી કરી લેવાનું હોય છે. જૈન મુસાફરો ઘણું કરીને

સીધાં દેલવાડા કે જ્યાં રહેવા, જમવા અને પૂજાની દરેક સગવડ છે ત્યાં જવા ઇચ્છે છે. બીજા લોકો માટે આબુ પર અનેક હોટલો, વિશીઓ, ધર્મશાળાઓ, મંદિરો વગેરે છે જ્યાં તેઓ રહી શકે. માંગ વધવાની સાથે જ ઉનાળામાં જગ્યાઓના ભાડાઓ અત્યંત વધી જાય છે ત્યાંના સ્થાનિક લોકો માટે ઉનાળો એજ આખા વર્ષની આજવિકા કમાવાનો સમય છે.

## પોલો મેદાન

જ્યાં આપણે બસ સ્ટોપ ઉપર ઉતર્યાં કે તરત જ આપણી આંખોની સામે એક વિશાળ મેદાન નજરે પડે છે. પોલો મેદાનની જોહોજલાલી રાજવીઓ અને રાજામહારાજાઓની જાહોજલાલી કે જેઓ પોલોની રમતની શોખિન હતાં, ના અંત સાથે જ અસ્ત પામી છે. હાલમાં મેદાનનો ઉપયોગ એન. સી. સી. ને શિક્ષણ આપવામાં થઇ રહ્યો છે.

## આબૂ શહેર

થોડા આગળ જાઓ અને તમે આબુ શહેરમાં આવી ગયા. અહીનો બજાર નાનો છે, પણ બધી વસ્તુઓ બજારમાં મળે છે. કેટલીએ રહેઠાણની જગ્યાઓ આની નજીકમાં જ ફેલાયેલી છે. અહીંની વસ્તી મિશ્ર છે પણ વ્યાપારિઓ મુખ્યત્વે અગ્રવાલ જાતના છે અને તેમની ભાષા રાજસ્થાની તથા હિંદુસ્થાની છે. આ ક્ષેત્રની વસ્તી લગભગ ૪૨૦૦ છે અને આ સ્થળ સમુદ્રની સપાટીથી લગભગ ૪૦૦૦ફૂટ ઉંચું છે.

...અહીં....એક માર્ગ બે રૂપ ધારણ કરે છે એક માર્ગ પશ્ચિમમાં નખિ તળાવ, રઘુનાથજી મંદિર, સનસેટ પોઇન્ટ વગેરે તરફ જાય છે અને બીજો માર્ગ ઉત્તરમાં દેલવાડા તરફ જાય છે.

# નખ્ખી સરોવર

બજારથી પશ્ચિમમાં જાઓ અને ચાર ફરલાંગના અંતરે તમે નખ્ખી સરોવર પાસે પહોંચી જશો. વિશાળ છે આ સરોવર બારે માસ તે પાણીથી ભરેલું છે. ઉનાળાની રૂપેરી રાત્રીએ નૌકાવિહાર માટેનું આ એક સુંદર સ્થળ છે. રૂપઝરતી ચાંદનીની અંદર સાંજથી મોડી રાત સુધી સૌંદર્યપિપાસુ લોકો તેને કાંઠે બેસે છે. માછલીઓ પકડવાની અહીં મનાઇ છે. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૪૮ ને દિવસે સ્વ. મહાત્મા ગાંધીજીની અસ્થિઓ રાજસ્થાની નેતા શ્રી ગોકુળભાઇ ભટ્ટ લાવ્યા હતાં અને અહીંના પવિત્ર જળમાં તેમને પધરાવ્યાં હતાં. આ જગ્યાએ એક ગાંધી–ઘાટ બાંધવામાં આવ્યો છે

નખ્ખી શબ્દ માટે લોકવાયકા એવી છે કે આખો નખ્ખી તળાવ દેવોએ પોતાના નખ વડે ખોદ્યો હતો અને એટલે જ તેનું નામ નખી સરોવર પડયું. તેની સત્યતા વિષેની કોઇપણ હકિકતો ઉપલબ્ધ નથી.

# રઘુનાથજીનું મંદિર

નખ્ખી તળાવની સામેજ રઘુનાથજીનું મંદિર છે. આ એક હિંદુ મંદિર છે, તેની વ્યવસ્થા અને દેખભાળ મહંતજી મહારાજ શોભારામદાસજી કરી રહ્યાં છે. કાળા ભમ્મર રઘુનાથજીની પ્રતિમાને સુંદર રીતે શણગારવામાં આવે છે. મંદિરની સાથે જ વિશ્રામગૃહ છે જ્યાં ઘણાં માણસો રહે છે. નખ્ખી કિનારે આવેલાં આરસના એ શ્વેતમંદિરની શોભા આકર્ષક અને અદેખાઇ ઉપજાવે તેવી છે.

નખ્ખી તળાવથી પશ્ચિમમાં થોડી મિનિટો આગળ વધતા આપણે અનાદરા પોઇન્ટ પર આવી લાગીએ છીએ. આ સ્થળથી તળેટી અનાદરા ગામમાં જવાનો કાચો પહાડી રસ્તો છે. ઘણાં ચઢાઇ ખોરોએ જૂના વખતમાં આ રસ્તાનો ઉપયોગ આબુ પર હમલો કરવામાં

કર્યો હતો. આ પ્રદેશમાં રેલ્વે નંખાણી તે પહેલાં બ્રિટિશરો માટે પણ આજ એક માર્ગ સંપર્ક અને વાહન વ્યવહાર માટે હતો. અત્યારે તો એનો ઉપયોગ ગ્રામ્ય જનતા કરે છે. ઉપરથી નીચે જતાં લગભગ એક કલાક જાય છે, આ એક કલાકનો પ્રવાસ આનંદ-પ્રદ અને મનગમતો છે.

## સનસેટ પોઇન્ટ

નખ્ખીથી પાછા ઉપર આવતા ઉત્તરથી પશ્ચિમ તરફ જતો એક રસ્તો આપણને સીધા સનસેટ પોઇન્ટ પહોંચાડશે. શું છે વળી એ સનસેટ પોઇન્ટ (સૂર્યાસ્ત જોવાનું સ્થળ) સનસેટ પોઇન્ટ આબુની એક એવી રમણિય જગ્યા છે કે જ્યાંથી રાત્રીના આવાસમાં જતો સૂર્ય તેના નૈસર્ગિક સૌંદર્યમાં સ્પષ્ટ રીતે જોઇ શકાય. પળે પળે નીચે જતો તે સૂર્ય વારેવારે રંગના વાઘા પહેરતા કોઇ પ્રચંડ સુવર્ણના ગોળા જેવો લાગે છે. આખરે તે રાત્રીના મહેલમાં અદૃશ્ય થઇ જાય છે, આ કુદરતી ક્રિયાનું પોતાનું આગવું આકર્ષણ છે અને તેથી જ દર સાંજે સારા એવા માણસો ત્યાં ફરવા આવે છે.

આબુ પર બીજી પણ ઘણી જોવા લાયક જગ્યાઓ છે. તેમાં મુખ્યતઃ મહારાજાઓ અને શ્રીમંતોની કોઠીઓ અને રાક્ષસી ઉંચાઇના નકકર પથ્થરો. પણ આ તો બધું આબુમાં ઠેર ઠેર વેરાયેલું છે.

## રાજપૂતાના–હોટલ

ફરી એક વખત બજારમાં આવીને આપણે ઉત્તર–પૂર્વમાં ચાલવા માંડીએ છીએ બજારમાંથી આપણે પ્રથમ ટપાલ ઓફિસ અને ત્યાંથી પછી જૂના રાજપૂતના ગવર્નર જનરલના એજન્ટોની ઓફિસોના મકાન પાસે આવીશું. ભૂતકાળના અવશેષ જેવું તે અંગ્રેજોના વખતમાં એક મોટું પ્રવૃત્તિધામ હતું અને રાજપૂતાનાના અનેક રાજાઓ માટેનું એક ભયસ્થાન હતું. આજે જૂજ અફસરો

હવે અહીં રહે છે. આગળ જતાં આપણે રાજપૂતાના હોટેલ અને રાજપૂતાના ક્લબ પાસે આવી પહોંચીએ છીએ. આ બન્ને જગ્યાઓની આવકના દ્વારો હવે બંધ થઇ ગયા હોવાથી પહેલાંની જેમ એક લોકપ્રિય આનંદ કરવાનું તેમનું સ્થાન છિનવાઇ ગયું છે. ત્યાર પછી આપણે પાલનપૂર નવાબનો મહેલ પાલનપૂર હાઉસ, બિકાનેર દરબારનો મહેલ બિકાનેર હાઉસ અને અલવર દરબારના શાહીઆવાસ અલવરની કોઠી તરફ જવું પડશે. આ રસ્તેથી સામેજ ઉપર પહાડમાં આપણે એક સફેદ રંગનું બાંધકામ જોઇશું. તે છે પર્વત પર ઝુલતું અદ્ધરદેવીનું મંદિર.

## અદ્ધર-અર્બુદાદેવીનું મંદિર

અદ્ધરદેવી અથવા અર્બુદાદેવી પર જવા માટે દેલવાડા લઇ જતો મુખ્ય માર્ગ છોડીને આપણે પગથિયા દ્વારા ડુંગર ચઢવો પડે છે. અદ્ધરદેવીની મૂર્તિ એક ગુફાની અંદર રહેલી છે એ સ્થાનમાં રહેલી એ રહસ્યભરી મૂર્તિ વિષે કંઇક નૈસર્ગિક સમાયેલું છે. ત્યાં ઇ. સ. ૧૫૭૫ નો એક શિલાલેખ પણ છે. આ મૂર્તિવિષે એવી માન્યતા છે કે કોઇપણ બાજુના આધાર વગર હવામાં તે અદ્ધર લટકે છે અને તેના પગ નીચેથી કપડું અથવા દોરો સહેલાઇથી પસાર થઇ શકે છે. થોડા વર્ષ પહેલાનો લેખકનો આ જાત અનુભવ છે કે જ્યારે દેવીના પગ નીચેથી એક દોરો પસાર કરવામાં આવ્યો હતો. છતાં આ પ્રમાણેની માન્યતા વાસ્તવિક લાગે છે કારણ કે વર્ષો પહેલાં મૂર્તિ અથવા ગુફાના પથ્થરોમાં લોહચુંબકના કંઇક ગુણો હોય અને સમય જતાં તે ધીરેધીરે નીચે આવી હોય અને હવે તેની અને જમીનની વચ્ચે ફક્ત એક દોરો પસાર થાય એટલું જ અંતર બાકી રહ્યું હોય. અર્બુદાદેવીના મંદિરને સમસ્ત આબુ વિસ્તારની પ્રજા પવિત્ર માને છે.

# દેલવાડા તરફ

અર્બુદાદેવીથી ફરી પાછા નીચે ધોરી માર્ગ પર આવો. આ રસ્તો આપણને દેલવાડા લઇ જશે. દેલવાડા એક નાનું ગામ છે જ્યાં થોડા લોકો રહે છે. પરંતુ દેલવાડાની જે વિશ્વવ્યાપી કીર્તિ છે તે તો તેનાં મંદિરોને લીધે જ, એટલે હવે આપણે મંદિરોને બંધાવનારાઓનો ઇતિહાસ તપાસીએ.

## મહામાત્ય વિમળશાહનું જીવન

રાજસ્થાનના ઝાલોર જિલ્લાના ભીનમાલની પાસેના શ્રીમાળના રહીશ, વિમળશાહના વડવાઓ પોરવાળ અથવા પ્રાગવાટ જૈન હતાં. નીનાએ ભીનમાળ છોડયું અને ઇસવી સનની આઠમી સદીમાં તેમણે ગુજરાતના ગંભૂ નામના ગામમાં વસવાટ કર્યો. ઇ. સ ૭૪૬ માં અણહિલપુર – પાટણ શોધનાર વનરાજ ચાવડાએ જ્યારે નીના અને તેના પુત્ર લહેર વિષે જાણ્યું ત્યારે તેણે લહેરને પોતાનો સેનાપતિ બનાવ્યો. લહેરે તેને અપૂર્વ સેવાઓ આપી. આજ વંશનો મૂળરાજ સોલંકીના રાજ્ય અમલમાં વીર નામનો પ્રધાન હતો. તેના નાદ અને વિમળ નામે બે પુત્રો હતાં. વિમળ ભીમદેવનો મહામંત્રી નિમાયો. તે ઘણોજ બાહોશ રાજનીતિજ્ઞ હતો તેથી તેણે ચંદ્રાવતીના પરમાર ધંધુક અને ભીમદેવ વચ્ચે સંધિ કરાવી. પોતાની પાછલી જિંદગીમાં તે એક સાધુનું જીવન વિતાવતો ચંદ્રાવતી અચલગઢમાં રહ્યા હતા.

એક વખત ચંદ્રાવતીમાં પ્રતિભાવંત જૈનમૂનિ ધર્મઘોષસૂરિ આવ્યા. વિમલ શાહ તેમની પાસે ગયા અને પોતાની હૈયા વરાળ તેમની આગળ ઠાલવી “મારી રાજ્ય વ્યવસ્થા દરમ્યાન મેં ઘણા યુદ્ધો ખેલ્યા છે અને તેથી અનેક પાપનો ભાગી હું થયો છું. મારા અંતરમાં મને એમ થયા કરે છે કે મારે તપશ્ચર્યા કરીને મારા

આત્માની મુક્તિ કરવી". પ્રજ્ઞાવાન ગુરૂએ કહ્યું, "વિમળ! તું હતાશ ન થા પરંતુ આબુના પવિત્ર તિર્થનો પુનરૂદ્ધાર કરવાનું કાર્ય હાથ ધર." વિમળ કબુલ થયો અને દેલવાડાપર વિમલવસહીના મંદિરનું બાંધકામ શરૂ કર્યું. સંક્ષેપમાં વિમલવસહીના મંદિર બંધાવવા પાછળનો આ ઇતિહાસ છે.

વિમળવસહી મંદિરના બાંધકામ બાબતની અનેક દંતકથાઓ લોકોમાં પ્રચલિત છે તેમાંની કેટલીક વાતો ઘણી જ રસમય છે. એમ કહેવાય છે કે જ્યારે વિમળશાહને આ મંદિર બાંધવાનું હતું ત્યારે બ્રાહ્મણોએ તેનો વિરોધ કર્યો. તે વખતે અતિમાનુષ તત્વોએ તેમની મદદ કરી અને જ્યારે મંદિરનો પાયો ખોદાતો હતો ત્યારે પૃથ્વીમાંથી એક જૈન પ્રતિમા મળી આવી. આથી બ્રાહ્મણો શાંત થઇ ગયા પરંતુ તેઓ જમીનની આકરી કિંમત માગવા લાગ્યા. વિમળશાહે તે કબુલ રાખી જમીનનાં આખા ક્ષેત્રફળને ચોરસ સુવર્ણ સિક્કાઓથી ઢાંકી દેવા માટે જેટલી સોના મહોરો જોઇએ તેટલી કિંમત તે જમીનની લેવાઇ. આ રીતે તે જમીન ખરીદાઇ. ઉપર જેનો ઉલ્લેખ થયો છે તે મૂર્તિ હજી ૨૦ નંબરના ગોખલામાં રહેલી છે. અન્ય મૂર્તિઓની સરખામણીમાં આ મૂર્તિનું શિલ્પ અને રજુઆત તેને અનન્ય નૈસર્ગિકતા અર્પી રહ્યાં છે.

બીજી લોકવાયકા તે તેને મળેલી શ્રી અંબિકાદેવીની મદદ. એમ કહેવાય છે કે ત્રણ દિવસ સુધી ઉપવાસ કરી વિમળશાહ દેવીના ધ્યાનમાં બેઠાં. પછી દેવીએ તેમને સર્વ પ્રકારે મદદરૂપ થવાનો કોલ આપ્યો. આ દેવીની સ્મૃતિમાં તેઓએ એક જુદો ગોખલો (નં ૨૧) બાંધ્યો જેની યોગ્ય દેખભાળ આજે પણ લેવાઇ રહી છે

આખરે ૧૦૩૧ ઇ. સનમાં આ મંદિર પૂર્ણ થયું. જૈનાચ્ચાર્ય વર્ધમાનસૂરીના શુભ હસ્તે ઇ. સ. ૧૦૩૨ માં તેની પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી.

# દેવમંદિરોમાં

## મહાવીર સ્વામીનું મંદિર

આ મંદિર પાસે પહોંચતા પહેલાં આપણે મહાવીર સ્વામીના મંદિર પાસે આવી પહોંચીએ છીએ. આ એક સાદું મંદિર છે તે ઇ. સ. ૧૫૮૨ પછી બાંધવામાં આવ્યું છે છતાં તેની રચનાનો ચોકકસ સમય મળતો નથી.

## વિમલવસહી

હવે જમણી તરફ વળો અને તમે હસ્થીશાળા જોશો. આ હસ્થીશાળાની સામેજ વિમળશાહની પ્રતિમા છે. જે મહાઆમાત્યે આ ભવ્ય મંદિર બંધાવ્યું હતું તે ઘોડા ઉપર બેઠેલાં છે. તેની પાછળ દસ હાથીઓ છે. દસ હાથી ઉપર દસ સવારીઓ હતી પણ અત્યારે કાંતો તે તુટી ગઇ છે અથવા તેનો નાશ કરવામાં આવ્યો છે. આ બધી વ્યક્તિઓ વિમળશાહના પૂર્વજો અને અનુજોમાંથીજ છે. સમય પ્રમાણે તેમનો ઉમેરો આ હસ્થીશાળામાં થયો હોવો જોઇએ.


## અદ્દભૂત કારીગરી

હસ્તીશાળાથી સીધા આપણે મુખ્ય મંદિરમાં પ્રવેશીએ છીએ. આદિથી અંત સુધી મુસાફરોની દ્રષ્ટિ થાંભલાઓની કોતરણી કે છત ઉપરની ડીઝાઇનો કે પછી કમાનો અને તોરણોની કારીગરીમાં પરોવાઇ જાય છે. માનવી અહીં આવીને ગુંચવાડામાં પડી જાય છે કારણ કે હવે તે નકકી નથી કરી શકતો કે તેણે પોતાની દ્રષ્ટિ કયાં સ્થીર કરવી. જે તેની નજરો સામેથી પસાર થાય છે તે દરેક નવું ચિત્ર હોય છે, નવી ભાત હોય છે અને નવું આલેખન હોય છે. પોતાની


ઇચ્છાને દાબીને તેણે પણ અદ્‌ભુતને પાછળ મૂકી અદ્‌ભુત જોવા આગળ જવું પડે છે, દેલવાડના દેવમંદિરોની ભવ્યતાને એક મુસાફરીની આનાથી વધારે સારી અંજલી શું હોઇ શકે? સુરેખ કારીગરી, ઉમદા સફાઇ અને ચમક, આખી યોજનાનો, વૈજ્ઞાનિક ઢબે વિકાસ અને તે વખતના દેશી હથિયારો વડે આવું અદ્‌ભુત સર્જન આ બધાનું વર્ણન આટલા અલ્પ શબ્દો તો શું પણ કોઇ આકર ગ્રંથ લખીને કરવું પણ અધૂરું છે.

ત્યાં આલેખાયલી આકૃતિઓ રમતની વસ્તુઓ કે રમકડાં નથી. એમની પાછળ તો તે યુગના સામાજિક સંસ્કારો, કલા નૃત્ય, વ્યુહરચના લશ્કર સજાવટ અને શિસ્ત, અલંકારો, પોષાકો લાગણીનો પ્રવાહ અને ટેવો વગેરેને આલેખન દ્વારા રજુ કરવાનો ભવ્ય પુરૂષાર્થ રહેલો છે. આટલુંજ પૂરતું નથી. જૈન તીર્થંકરોની દંતકથાઓ તેમની જીવનઝાંખી, ભગવાન કૃષ્ણના અને પૌરાણિક દેવોના જીવનના કેટલાંક પ્રસંગો વગેરેનું આલેખન પણ પથ્થર પર થયું છે. મંદિરના મધ્ય ઘુમ્મટનું સૌંદર્ય અજોડ છે દરેક સ્તંભની વચ્ચે કલ્પનાવૈવિધ્યભરી કોતરણીવાળા તોરણો છે જેની સરખામણી માટે કોઇ વસ્તુ જગતમાં હજી પેદા થઇ નથી. હિંદ સરકારનું પ્રકાશન કહે છે;—

"વિમલવસહી મંદિરની અપૂર્વરીતે કોતરેલી મૂર્તિઓ અને સ્તંભોની સમૃધ્ધિ અગિઆર ઉપરજતાં વર્તુળોવાળા ચક્રોના બનેલા મધ્યઘુમ્મટની નાજુક કોતરણી, માનવી અને પ્રાણીઓની પ્રતિમાઓ, હાથિયોના સરઘસો, ઝગકતી પ્રકાશવાન મૂર્તિઓ અને આછા ચમકતા બીજા આકારો જોનારનો શ્વાસ થંભાવી દે છે, તેને અનેક પળ સુધી દીંગ કરી દે છે. ઘુમ્મટમાં આ મૂર્તિસમૂહોની વચ્ચે આભૂષણોની જેમ વારે વારે દેખાતી, ઉપરને ઉપર જતી, આ કમાનના ચક્રોના આધાર જેવી ૧૬ વિદ્યાદેવીઓની પ્રતિમાવાળી તકિતઓ છે."



સોળ દેવીઓ સાથે વચ્ચેનો સુંદર ઘુમટ



મધ્ય ઘુમટનો એક ભાગ.

હવે આપણે દરેક ગોખ જોવા માટે ડાબી તરફ વળીએ છીએ.

દરેક દહેરીમાં એક, બે અથવા ત્રણ ત્રણ જૈન તીર્થંકરોની મૂર્તિઓ હોય છે. જૈન શિલ્પનું એક વિશિષ્ટ લક્ષણ અહીં જોવા મળે છે . તે એ કે જે કોતરણી કે શણગાર હોય છે તે બધો બહારની બાજુ કરેલો હોય છે. અને અંદરનો ભાગ કે જ્યાં મૂર્તિ રહેલી હોય છે તે સાવ સાદો છે, આ પ્રથાનું અનુસરણ આખાએ હિંદમાં થાય છે.

આ વિમળવસહીના દેરાસરમાં કેટલુંક સુધાર અને સમારંભ કામ ચાલી રહ્યું છે અને જાણવા મળ્યું છે કે અહમદાવાદવાળા શેઠ આનંદજી કલ્યાણજીએ રૂપીયા દસ લાખ તો અત્યાર સુધી ખર્ચી નાખ્યા છે. તેઓએ જુના ઢંગની જ બરાબર મેળ બેસતી વસ્તુઓ કરી આપી છે. આ કામને લીધે કેટલાક ફેરફાર થયાં છે પરંતુ અત્રે તો અમે જુનો જ ક્રમ રાખ્યો છે

| | | | | |
|---|---|---|---|---|
| દહેરી | ૧લી | શ્રી આદીનાથ-જૈનોના પહેલાં તીર્થંકર | દહેરી ૫મી | શ્રી અજીતનાથ |
| | | | ,, ૬ઠ્ઠી | શ્રી મુનિસુવ્રતસ્વામી |
| ,, | ૨જી | શ્રી પારસનાથ | ,, ૭મી | શ્રી મહાવીરસ્વામી |
| ,, | ૩જી | શ્રી શાન્તીનાથ | ,, ૮મી | શ્રી પાર્શ્વનાથ |
| ,, | ૪થી | શ્રી નેમીનાથ | ,, ૯મી | શ્રી નેમીનાથ |

પહેલી હરોળની છતમાં જૈન તીર્થંકરોની તેમના જન્મથી મૃત્યુ સુધીની જીવનરેખા આલેખાયેલી છે.

દહેરી ૧૦મી નેમીનાથજી— પહેલી હરોળમાં અહીં આવતા તમે શ્રી નેમીનાથ ભગવાનનો વૃત્તાંત કોતરેલો જોશો.

દહેરી ૧૧મી શ્રી મુનિસુવ્રતસ્વામી– તેની છતમાં ચૌદ હાથવાળી દેવીની મૂર્તિ કોતરેલી છે

,, ૧૨મી શ્રી નેમીનાથ ભગવાન– અહીં ૧૬ માં તીર્થંકર શાંતિનાથ ભગવાન અને તેમના પૂર્વજીવનને આલેખવામાં આવ્યું છે.

,, ૧૩મી શ્રી વાસુપૂજ્ય

,, ૧૪મી શ્રી આદીશ્વર

દહેરી ૧૫મી શ્રી શાંતિનાથ

,, ૧૬મી શ્રી શાંતિનાથ ભગવાન

,, ૧૭મી શ્રી મહાવીરસ્વામી– આ દેહરીમાં એક સુંદર[સંમવોચરણ] વ્યાખ્યાન પીઠ છે જ્યાંથી જૈન તીર્થંકર અહિંસા અને સત્યનો ઉપદેશ કરતાં હતાં.

,, ૧૮મી શ્રી શ્રેયાંસનાથ

દહેરી ૧૯મી શ્રી આદિનાથ

,, ૨૦મી– આ મોટી દહેરી છે ખોદકામની શરૂઆતમાં મળેલી મૂર્તિ અહીં બીજી થોડીક મૂર્તિઓ સાથે વિરાજે છે.

દહેરી ૨૧મી અંબિકાદેવી

,, ૨૨મી શ્રી આદિનાથ

,, ૨૩મી શ્રી આદિનાથ

,, ૨૪મી શ્રી શાંતિનાથ

,, ૨૫મી શ્રી સંભવનાથ

,, ૨૬મી શ્રી ચંદ્રપ્રભુ

,, ૨૭મી શ્રી શાંતિનાથ

,, ૨૮મી શ્રી પદ્મપ્રભુ

દહેરી ૨૯મી શ્રી સુપાર્શ્વનાથ આ મંદીરની છતમાં પહેલી હારમાં ભગવાન શ્રી કૃષ્ણના કાલિયામર્દનના પ્રસંગો આલેખાયેલા છે.

દહેરી ૩૦મી શ્રી શાંતિનાથ


,, ૩૧મી શ્રી મુનિસુવ્રતસ્વામી

,, ૩૨મી શ્રી રીખબદેવ

,, ૩૩મી શ્રી અનંતનાથ



શું આ પુષ્પ છે?



કોતરણીવાળા સ્થંભો.

દહેરી ૩૪મી શ્રી અરનાથ
,, ૩૫મી શ્રી શાંતિનાથ
,, ૩૬મી શ્રી ધર્મનાથ
,, ૩૭મી શ્રી શીતલનાથ
,, ૩૮મી શ્રી શાંતિનાથ
,, ૩૯મી શ્રી કુંથુનાથ
બીજી હરોળમાં હંસવાહિની સરસ્વતી અને હસ્તી આરૂઢ લક્ષ્મીદેવીની પ્રતિમાઓ છે.

દહેરી ૪૦મી શ્રી મલ્લીનાથ
,, ૪૧મી શ્રી વાસુપુજ્ય
,, ૪૨મી શ્રી નેમીનાથ
,, ૪૨મી શ્રી અજીતનાથ
,, ૪૪મી શ્રી પાર્શ્વનાથ
,, ૪૫મી શ્રી નેમીનાથજી
,, ૪૬મી શ્રી મુનીસુવ્રતસ્વામી

આ દહેરીની પહેલી હરોળમાં પ્રલ્હાદ, હિરણ્યકશ્યપુ અને શ્રીકૃષ્ણ વિષેની દંતકથાનું આલેખન છે.

દહેરી ૪૭મી શ્રી મહાવીરસ્વામી

પહેલી હરોળમાં ભગવાન મહાવીરના જન્મોત્સવનું આલેખન છે.

દહેરી ૪૮મી શ્રી અજીતનાથ
,, ૪૯મી શ્રી પાર્શ્વનાથ
,, ૫૦મી શ્રી વિમલનાથ


દહેરી ૫૧મી શ્રી આદિનાથ
,, ૫૨મી શ્રી મહાવીરસ્વામી


અહીંથી હવે આપણે જેને વિષે પૂર્વે ઉલ્લેખ થઇ ગયો છે તે મધ્યખંડ અથવા તો સભાગૃહમાં જઇએ છીએ. ધીરેધીરે આપણા પગલા ઊંચા બનાવેલ તકતા ઉપર જાય છે અને ત્યાંથી ભગવાન શ્રી આદીનાથના મુખ્ય આસન પાસે. અહીં એક અગત્યની નોંધનીય અને આકર્ષક વસ્તુ એ છે કે મૂળગભારા અથવા મુખ્ય દહેરીની અંદર કલાત્મક, શિલ્પાત્મક અથવા એવી બીજી કોઇપણ વસ્તુનું આલેખન જે આપણા ધ્યાનચિન્તનમાં ખલેલ પાડી શકે તેનો અભાવ. એવી

લોક વાયકા પણ છે કે મંદિરના આ ભાગનો મુસ્લીમ મૂર્તિભંજકોએ નાશ કર્યો હતો આ મૂર્તિભંજક રાક્ષસ તે બીજો કોઇ નહિ પણ અલ્લાઉદ્દિન ખીલજી પોતેજ. જે ઇ. સ ૧૩૧૦માં જાલોરની લડાઇ પછી આબુ પર આવ્યો હતો પાછળથી ફરીથી તેની બાંધણી થઇ હતી. આ દહેરાની અંદર અકબરના વખતના મહાન જૈન મૂનિ શ્રી હીરવિજયસૂરિની બે પ્રતિમાઓ છે.


આ મંદિરની અને તેની અંદર મુક્ત રીતે વિલસતી કલાત્મકતાની મુલાકાત લેતાં લેતાં મૂળ દરવાજાથીજ આપણે પાછા બહાર આવીએ છીએ, ત્યાંથી ડાબી તરફ વળી આપણે લુવણશીના મંદિરમાં આવીએ છીએ.

## લુણવસહી દેવાલય





મધ્ય ગંભારાનું મુખ્ય દ્વાર.



ભગવાન નેમનાથના જીવન ચિત્રો.


૧૨મી સદીની શરૂઆતમાં વસ્તુપાળ અને તેજપાળના વડવા ગૂજરાતના પાટણ નિવાસી ચાંદપ, સોલંકીવંશના રાજવીઓના મહા- માત્ય હતા. ચાંદપનો પ્રપૌત્ર સોમસિંગ પણ સિધ્ધરાજ જયસિંહના રાજ્યઅમલ દરમ્યાન પ્રધાન હતો. આસરાજના વખતમાં તેમનું કુટુંબ પાટણ છોડી 'સુન્હાલક' નામે ગામમાં આવીને વસ્યું. વસ્તુપાળ- તેજપાળે ફરીને આ ગામ છોડીને 'મંડલ' નામના ગામમાં વસવાટ કર્યો વસ્તુપાળ અને તેજપાળ પણ ગૂજરાતના રાજવી ભીમરાજ બીજાના અને વીરધવલના પ્રધાનો હતા કુશાગ્ર બુધ્ધિવાળા રાજ્ય– વ્યવસ્થાપકો અને કૌટિલ્યસમાન નીતિજ્ઞ એવા બન્ને ભાઇઓ પોતે જૈન હોવા છતાં પોતાને ખર્ચે મુસલમાન ભાઇઓ માટે મસીદો બંધાવી આપે તેટલા ઉદાર પણ હતાં. લક્ષ્મીદેવી તેમની ઉપર પ્રસન્ન થઇ હતી તે તેઓ પાસે તેનો સદ્ઉપયોગ કરવાની કુશળતા અને બુદ્ધિ પણ હતાં. ભલે આજે તેમના વસવાટ, વારસદારો કે અનુજોના અવ- શેષો ન મળે પરંતુ જ્યાં સુધી તેમની આ કલાકૃતીઓ હસ્તી ધરાવે છે ત્યાં સુધી તેમનું નામ અને કીર્તિ અમર છે, તેમની જાહોજલાલી સુવર્ણ–અક્ષરે અંકિત થઇ છે

ઇ. સ. ૧૨૩૧માં આ દેવાલયોને મૂર્તસ્વરૂપ આપવામાં આવ્યું. ચંદ્રાવતીના રાજા સોમસિંહ પરમાર પાસે જમીન મેળવીને આ બન્ને ભાઇઓએ તે બંધાવ્યા છે. મંદિરો લુણસિંહને અર્પણ કરાયા હોવાથી એમનું નામ લુણવસહી રાખવામાં આવ્યુ છે તેમના બાંધકામના ખર્ચનો અંદાજ રૂપીઆ સાડાબાર કરોડની આસપાસનો છે. વિમલવસહી મંદિરના નકશા જેવું જ લુણવસહીનું મંદિર પણ બાંધવામાં આવ્યું છે.


ઘણી વખતે બન્ને મંદિરો વચ્ચે સરખામણી કરવામાં આવી છે પરંતુ બને ભિન્ન ભિન્ન ભુમિકા પર બંધાયેલાં છે. તેની અંદરની કોતરણી અને આલેખન પણ જુદાં પ્રકારના છે. કેટલીક વખત કુઆ

ફુલો અને બીજી અનેક વસ્તુઓની ચિત્રાત્મક ભાતો લુણવસહી મંદિરમાં વિમલવસહી કરતાં વધારે ચઢીઆતી જોવા મળે છે. મધ્ય-ભાગના સ્તંભો વચ્ચે અભુતપૂર્વ સૂરેખતાના દર્શન થાય છે અને ઘુમ્મટ પોતે જ કલાત્મક રીતે સમૃદ્ધ છે. આ મંડપમાંથી ઉપર મંડપ તરફ જતાં આપણે મૂળગર્ભના પ્રવેશદ્વાર પર આવી પહોંચીએ છીએ આ મુખ્ય દહેરીને બન્ને બાજુએ ન ભુતો ન ભવિષ્યતિ જેવા, કલાત્મક પ્રસાદીના રસથાળ સમાન બે નમૂનાઓ છે.

સામાન્ય રીતે તે દેરાણી **જેઠાણીના ગોખલાઓ** તરીકે પ્રખ્યાત આ ગોખલાઓ પાણીની જેમ પૈસા વેરીને બાંધવામાં આવ્યા હતા અને કહેવાય છે કે શિલ્પકારોને ઝીણીમાં ઝીણી કોતરણી કરીને તે જેટલી પથ્થરની રજ બહાર કાઢે તેની ભારોભાર સુવર્ણ આપવામાં આવ્યું હતું. દરેક ગોખલો લગભગ રૂપીઆ નવલાખની કિંમતે બંધાયો છે એટલે તેમને 'નવલખિયા ગોખલાઓ' પણ કહેવાય છે. મૂળ–ગર્ભની અંદર ઉંચા આસનપર શ્રી નેમીનાથ ભગવાનની કાળી ભવ્ય મૂર્તિ છે. શ્રી નેમીનાથ ભગવાન ૨૨મા તિર્થંકર હતાં. ચળકતી અને સુઘડ રીતે સ્વચ્છ તે પ્રતિમામાં વૈવિધ્યભર્યું આકર્ષણ છે. અહીં બીજી પણ કેટલીક મૂર્તિઓ છે તેમાં રાજીમતીની દર્શનીય સ્ત્રી–આકૃતિ છે. શ્રી નેમીનાથનું સગપણ રાજુલ અથવા રાજીમતી સાથે થયું હતું. તેમનું લગ્ન પણ નક્કી થયું હતું. રાજીમતીના ઘરપાસે જ્યારે વરઘોડો પહોંચ્યો ત્યારે લગ્નની ઉજાણી માટે હલાલ થતાં અનેક નિર્દોષ પ્રાણીઓની કારમી કરૂણ ચીસો શ્રી નેમીનાથે સાંભળી. નેમીનાથ માટે આ અસહ્ય હતું, તરતજ તેમણે લગ્ન કર્યા વગર તે સ્થાનનો ત્યાગ કર્યો અને સન્યાસ ધારણ કર્યો. રાજીમતી પણ તેમને પગલે દુનિયાને ત્યજીને તપસ્યા માટે તેમની પાછળ ગઇ. રાજીમતીની આકૃતિ પણ સુંદર રીતે રચવામાં આવી છે.



વસ્તુપાલ તેજપાલના સંબંધીઓ.



ભગવાન પાર્શ્વનાથના જીવન ચિત્રો.

હવે આપણે દહેરીઓ તરફથી શરૂઆત કરીએ. બીજી હારમાં દહેરી અગિઆરમી ત્યાં નેમનાથ–રાજુલના લગ્નવિધિના દ્રષ્યો અને સાતમી શીલામાં તેમના સંસાર ત્યાગના દ્રશ્યો છે.

દહેરી ૧૨મી અસ્પષ્ટ
,, ૧૩મી શ્રી નેમીનાથ
,, ૧૪મી શ્રી શાંતિનાથ
બીજી હરોળમાં કેટલીક અસ્પષ્ટ મૂર્તિઓ છે.
દહેરી ૧૫મી શ્રી આદીનાથ
,, ૧૬મી શ્રી સંભવનાથ
બીજી હરોળમાં ૨૩માં તીર્થંકર શ્રી પાર્શ્વનાથના જીવનના બનાવો છે.

દહેરી ૧૭મી શ્રી અસ્પષ્ટ
,, ૧૮મી શ્રી નેમીનાથ
,, ૧૯મી શ્રી મુનીસુવ્રતસ્વામી
,, ૨૦મી શ્રી આદીનાથ
,, ૨૧મી શ્રી આદીનાથ
,, ૨૨મી શ્રી નેમીનાથ
,, ૨૩મી શ્રી ,,
,, ૨૪મી શ્રી અંબીકાદેવી
,, ૨૫મી શ્રી નેમીનાથજી

અહીંથી હસ્તીશાળાની શરૂઆત થાય છે. આ હસ્તીશાળા વિમળવસહીની હસ્તી શાળા કરતાં ઘણી મોટી છે. તેનો સીધો વિશાળ ખંડ દસ ઓરડાઓમાં વ્હેંચાએલો છે. (૩) મહામાત્ય ચાંદપ (વસ્તુપાળ તેજપાળના પ્રપિતામહ)

**પ્રથમ વિભાગ**

(૧) આચાર્ય ઉદયપ્રભુસૂરિ
જૈનમૂનિ

(૨) આચાર્ય વિજયસેનસૂરી
જૈનમૂનિ

(૪) ચાંપલદેવી (ચાંદપના પત્ની)

**બીજો વિભાગ**

(૧) ચાંદપ્રસાદ (ચાંદનો પુત્ર)
(૨) ચાંપલદેવી (તેની પત્ની)

**ત્રીજો વિભાગ**

(૧) સોમસિંહ અને સીતાદેવી

**ચોથા વિભાગ**

શ્રી આસરાજ અને કુમારદેવી

**પાંચમો વિભાગ**

શ્રી લુણીંગ અને લુણાદેવી

**છઠ્ઠો વિભાગ**

શ્રી મલ્લદેવ, લીલાદેવી અને પ્રતાપદેવી.

**સાતમો વિભાગ**

શ્રી વસ્તુપાળ—લલિતાદેવી અને રાજલદેવી

**આઠમો વિભાગ**

શ્રી તેજપાળ અને અનૂપમાદેવી

**નવમો વિભાગ**

શ્રી જેતસિંગ, જેતલદે, જામનદે અને રૂપાદે (ત્રણે પત્નીઓ)

**દસમો વિભાગ**

શ્રી સુદહસીંહ; સુહાદે અને સુલખણાદે (બે પત્નીઓ)

અહીં હસ્તીશાળા પૂરી થાય છે! આપણે હવે છવીસમી દહેરીથી ફરી શરૂ કરીએ.


| | | | |
|---|---|---|---|
| દહેરી | ૨૬મી | શ્રી | શ્રીમંદીરસ્વામી |
| ,, | ૨૭મી | ,, | યુગંધરજીન |
| ,, | ૨૮મી | ,, | બાહુસ્વામી |
| ,, | ૨૯મી | ,, | સુબાહુજીન |
| ,, | ૩૦મી | ,, | રીખભદેવ |
| ,, | ૩૧મી | ,, | વર્ધમાનજીન |
| ,, | ૩૨મી | ,, | અસ્પષ્ટ |
| ,, | ૩૩મી | ,, | પાર્શ્વનાથ |
| દહેરી | ૩૪મી | શ્રી | ચંદ્રાનનદેવ |
| ,, | ૩૫મી | ,, | અસ્પષ્ટ |
| ,, | ૩૬મી | ,, | આદીનાથ |
| ,, | ૩૭મી | ,, | અજીતનાથ |
| ,, | ૩૮મી | ,, | આદીનાથ |
| ,, | ૩૯મી | ,, | નેમીનાથ |
| , | ૪૦મી | ,, | સુમતીનાથ |
| ,, | ૪૧મી | ,, | પદ્મપ્રભુ |

આ દહેરીની ડાબી બાજુ બે મોટા શીલાલેખો છે જેમાં વસ્તુપાળ તેજપાળના ઇતિહાસનો ઉલ્લેખ છે.

| | | | |
|---|---|---|---|
| દહેરી | ૨૬મી | શ્રી | સુપાર્શ્વનાથ |
| ,, | ૪૩મી | ,, | અસ્પષ્ટ |
| ,, | ૪૪મી | ,, | સુવિધિનાથ |
| ,, | ૪૫મી | ,, | શીતલનાથ |
| દહેરી | ૪૬મી | શ્રી | શ્રેયાંસનાથ |
| ,, | ૪૭મી | ,, | વાસુપૂજ્ય |
| ,, | ૪૮મી | ,, | વિમલનાથ |



ખતરવસહીનું દ્હેરાસર.



રાજાધારાવસ અને ત્રણ પાડા

આ લુણવસહી મંદિરની બહાર આવતી વખતે આપણે શ્રી જીનદત્તસૂરિજી નામના પ્રસિદ્ધ મૂનિની દહેરી પાસેથી પસાર થઇએ છીએ

ત્યાર પછી એક પથ્થરનો સ્તંભ આવે છે. આ સ્તંભ કીર્તિ-સ્તંભ તરીકે ઓળખાય છે. તેના મૂળમાં ઇ. સ. ૧૪૪૯માં મેવાડના રાણા કુંભાએ લખાવેલો શીલાલેખ છે જેમાં કોઇ પણ જાત્રાળુ પાસે કર લેવાની સખત મનાઇ ફરમાવેલી છે.

લુણવસહી મંદિરની ડાબી બાજુએ એક નાનું દિગંબર મંદિર છે.

## પિતલહર

લુણવસહી પાસે પિતલહર મંદિર છે, વિમલવસહી અને લુણ-વસહીને જોયા પછી આ મંદિરમાં સૌંદર્ય, આકર્ષતા કે શિલ્પકલાનો પ્રસાદ નથી એમ જરૂર આપણને લાગશે. આનુષંગિક પૂરાવાઓ દ્વારા એમ કહી શકાય કે પીતલહરનું આ મંદિર ઇ. સ. ૧૪૩૨ પહેલાં હસ્તીમાં હોવું જોઇએ. ગમે તે હોય પરંતુ એટલું નિશ્ચિંત છે કે આ મંદિર ભીમાશાહે બંધાવેલું હતું. હવે કઇ સાલનો અને આ કયો ભીમાશાહ હતો એ બધું કોઇને પણ વિદિત નથી. ઇ. સ. ૧૪૬૮ માં બે અગત્યની વ્યકિતઓ, અમદાવાદના પ્રધાન સુંદર અને પ્રધાન ગોડા અહીં પધાર્યા અને તેમણે મોટો ઉત્સવ કરી. મંદિરમાં મૂર્તિ-ઓની સ્થાપના કરી, મિશ્રધાતુની ૧૦૮ મણ વજનની આ પ્રચંડ મૂર્તિ જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી રીખબદેવની છે. આખુંયે મંદિર અપૂર્ણ છે એમ જણાયા વગર રહેતું નથી

## ખર્તરવસહી

ત્રણ માળનું આ એક મોટું મંદિર છે. આ મંદિરમાં થોડો નહિ જેવો કલાવિલાસ છે એમ કહેવાય છે કે વિમલવસહી અને

લુણવસહીના મંદિરમાંથી અઢળક દ્રવ્ય કમાયેલા કારિગરોએ પોતાની મરજીથી વધેલા સામાનમાંથી જાતમહેનતે આ મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો. બીજા પૂરાવાઓ એમ પણ સૂચવે છે કે આ મંદિર ઇ. સ ૧૪૫૮ની આસપાસ કોઇ એક માંડલિકે બંધાવ્યું હતું. પણ આ હકિકત પણ ચોકકસ ન કહેવાય. અહીં મૂખ્યમૂર્તિ શ્રી. પાર્શ્વનાથ ભગવાનની છે જે ઘણી જ મનોહર છે.

પુરું થયું છે હવે દેલવાડાના રમ્ય દેવમંદિરનું પર્યટન. યુગ-યુગાંતરથી સેવાયેલું મુસાફરોનું સ્વપ્ન સિધ્ધ થયું છે, અને સાથે જ પોતે વિશ્વની એક અજાયબી પ્રત્યક્ષ જોઇ તે પ્રકારનો ગર્વ અને સાંત્વના મનમાં લઇને તેઓ આગળ વધે છે. એક વખત તો આપણું અભિમાની મન અને હૃદય પણ શ્રધ્ધાના મહાપૂજારી શ્રી. વિમલ અને શ્રી વસ્તુપાળ–તેજપાળને શરણે નમી પડે છે. કઇ વિચક્ષણ બુધ્ધિપ્રતિભા, કેટલી અકથ્ય સંપત્તિ, હૃદયની કેવી મહાનતા અને ઉદારતા અને કઇ ધાર્મિક ભાવનાથી આ મહાન સિદ્ધિ તેમણે મેળવી હશે ? આ બધાં પ્રશ્નો લાંબા સમય સુધી આપણા વિચારતંતુઓને ઝણઝણાવ્યા કરે છે. તેમની ભવ્યતાને નથી કોઇ ચોર ચોરી જઇ શકે તેમ કે કાળનું ચક્ર નથી તેમનો નાશ કરી શકે. તેમ જ આ વિભૂતિઓ મહાનાત્માઓએ કેટલી કાર્યસિધ્ધિ મેળવી છે અને કેટલી મેળવી શકે તે બાબતનો નિર્ણય કરાવવામાં એક મશાલચી જેમ આપણી નજરો સમક્ષ હરહંમેશ ખડી રહેશે.

× + ×

## કન્યાકુમારી

વિમળવસહી મંદિરની પાછળ, ગામ દેલવાડાની સરહદ ઉપર બે હિંદુમંદિરો ઉભાં છે. એકનું નામ છે કુંવારી કન્યાનું મંદિર

અથવા માતાજીનું મંદિર, અને તેની આસપાસ ન મનાય તેવી એક પ્રેમકથા વિંટળાયેલી છે. ઇ. સ. ૧૩૯૫ નો એક શીલાલેખ પણ ત્યાં છે. આની પાસે જ રસિઆ વાલમની એક મૂર્તિ પણ છે. પ્રણયકથાઓમાં રસિઆ વાલમનું સ્થાન અગત્યનું છે. આ મંદિરની પાસેજ કેટલીક ગુફાઓ છે અને નળ–પાંડવ અને મુનીઆઆની ગુફાઓ તરીકે જાણીતી છે.

## અચલગઢ તરફ પ્રયાણ

દેલવાડાથી અચલગઢ જવાને આપણને બસ મળે છે. દેલવાડાથી અચલગઢ વચ્ચે પાંચ માઇલનું અંતર છે રસ્તો કાચો છે અને ઘણી જ ભંયકર જગ્યાઓમાંથી પસાર થાય છે. પરંતુ રસ્તાની બન્ને બાજુએ આવેલી વનસ્પતિ, ઓસડિયાઓ, છેડો અને સુગંધિત પુષ્પોની મઘમઘતી સુવાસને લીધે આ પ્રવાસ ઘણો જ આલ્હાદક બની રહે છે. બસમાંથી જ આપણે નાના ડુંગરોથી ઘેરાયલી ઉંડી કંદરાઓ વચ્ચે સુંદર દ્રશ્યો જોઇએ છીએ. આ ખીણોમાં ગાઢ જંગલો અને ગીચ વનરાજી આવેલી છે. લશ્કરી દષ્ટિએ આ જગ્યા બચાવ કરવા માંટે ઘણી જ ઉપયોગી છે. મુસાફરીની શરૂઆતમાં, અત્યારે જે નિરૂપયોગી થયું છે પણ પહેલાં જેનો ઉપયોગ અંગ્રેજો અને દેશી રજવાડાઓ કરતાં હતાં, તે ટ્રેવર તળાવ જોવા મળે છે.

## ઓરીઆ ગામ

ત્રણેક માઇલ દૂર ગયા પછી આપણે ઓરિઆ ગામ પાસે આવી પહોંચીએ છીએ. ત્યાં એક ડાક બંગલો પણ છે. પહેલાના વખતમાં ઓરિઆ સમૃદ્ધ ગામ હતું અને ઘણાં લોકોએ ત્યાં વસવાટ કર્યો હતો. અત્યારે ત્યાં થોડીક રાજપૂતોની વસ્તી છે. અહીં ઘણું

કરીને ૧૫મી સદીમાં બંધાયેલું શ્રી મહાવીર સ્વામીનું મંદિર છે. જૈન પ્રવાસીઓ માટે દરેક પ્રકારની સગવડ અહીં મળે છે. ગામની સરહદ ઉપર કોટેશ્વર અને ચક્રેશ્વર મહાદેવના મંદિરો આવેલાં છે. જયારે આ મંદિરોની ઈ. સ. ૧૨૬૫માં જીર્ણોદ્ધારવિધિ થઇ ત્યારનો એક શીલાલેખ પણ ત્યાં છે. અન્ય મુસાફરો ડાક બંગલામાં વિશ્રામ લઇ શકે છે.


## ગુરુ શિખર

ઓરિઆથી લગભગ અઢી માઇલનું ચઢાણ કરીને બિહામણા અને વિકટ જંગલમાંથી કેદારનાથ મંદિર અને કુંડ પાસેથી પસાર થયા પછી આપણે એવી એક જગ્યાએ આવી પહોંચીએ છીએ જે ગિરિરાજ આબુનું ભવ્ય–ઉંત્તગ મસ્તક કે કહો શિખર છે. સમુદ્રની સપાટીથી ૫૬૫૦ ફુટ ઉંચે આવેલું શિખર ખુશનુમા હવા અને ઠંડીને લીધે ઘણું જ આહ્‌લાદક છે. નીચે ધરતીના હૈયાં ઉપર રમતાં જુદાં જુદાં નગરો અને ગામો ઉપર રહેલા ઘંટ પાસેની જગ્યા પરથી જોઇ શકાય છે. આ ઘંટ ઘણો મોટો છે. ત્યાં પણ ઇ. સ. ૧૪૧૧નો એક આલેખ છે.

આ મંદિરનુ નામ ગુરૂદત્તાત્રય, જેમના પગલાઓ નાની દહેરીમાં રાખવામાં આવેલા છે. તેમના નામપરથી ગુરૂશિખર રાખવામાં આવ્યું છે. ગુરૂદત્તાત્રયના દર્શન માટે હજારો ભાવુકો દર વર્ષે અહીં આવે છે. આની સાથે જ ઉપર એક કુંડ, શિવમંદિર, ગૌશાળા અને ધર્મશાળા છે. સિંહ, વાઘ, અને ચિનાઓ અહીં નિશ્ચિંત બનીને ફરતા હોવાથી હથિઆરો વગર ફરવું અહીં શકય નથી. રાત્રિનિવાસ માટે પણ અહીં સગવડ છે.



અચલેશ્વર મહાદેવ



મુંગથલાનુ જૈન દેરાસર

## અચલગઢ

આગલ બસ રસ્તેજ ફરી આગળ જતાં આપણે અચલગઢ તરફ જઇએ છીએ. બધાં જ ઐતિહાસિક પુરાવાઓ, પથ્થરની ઉંચી દિવાલ અને પૂર્વકાળના અવશેષો નિશ્ચિત રીતે સાબિત કરે છે કે આ સ્થાન યુદ્ધકાળમાં ચંદ્રાવતી અને સિરોહીના પરમાર અને ચૌહાણોની રાજધાની હતું. બધી બાજુથી ઉંચી પર્વત-કરાડોથી અને ગુપ્ત માર્ગોથી ઘેરાયેલી આ જગ્યા રહેઠાણ માટે નિર્ભયમાં નિર્ભય ગણવામાં આવતી હતી.

રસ્તાની ડાબી બાજુએ કુમારપાળે કદાચ બંધાવેલું શ્રી શાંતિનાથ ભગવાનનું જૈન મંદિર છે. ડાબી તરફ મહારાણાં કુંભાના મહેલના ખંડિયેર, મંદાકિની કુંડ અને એક હારમાં ઉભેલાં ત્રણ પાડાઓની સાથે પરમાર ધારાવર્ષદેવનું પૂતળું છે આની પાસે જ અચલેશ્વર મહાદેવનું મંદિર અને સિરોહીના રાજા માનસિંહ અને તેની સાથે સતી થએલી તેની પાંચ રાણીઓની છત્રી પણ છે.

બહુ જ સારી રીતે જળવાયેલા કુંભારાણાના મહેલના અવશેષો પર્વતની એક બાજુએ છે. આ મહેલમાં જુની ઢબના કેટલાંક ખંડો છે આ ઉપરાંત બીજું કશું પણ ત્યાં પ્રેક્ષણીય નથી. આ બધા ઉપરથી એટલું જ અનુમાન થઇ શકે છે કે ઇ. સ. ૧૪૪૧ પછી થોડા વખત માટે આબુ રાણાકુંભાના હાથમાં હતો.

નાના એવા મંદાકિની કુંડની સાથે તેની બાંધણી અને ઉપયોગ બાબતની અનેક વાતો પ્રચલિત છે. આ કુંડ ૯૦૦ ફુટ લાંબો અને ૨૪૦ ફુટ પહોળો છે. તેની દરકાર અત્યારે કોઇ પણ લેતુ નથી તેથી એક વખત એવો આવશે કે જ્યારે વિશાળ પૃથ્વી તેને પોતાના પેટમાં સમાવી દેશે અને કુંડ પુસ્તકો અને સ્મૃતિની એક હકિકત બની રહેશે.

આ કુંડના કાંઠે પરમાર ધારાવર્ષદેવનું એક પુતળું છે. તેના શૌર્યની કીર્તિ માટે તેને એક સાથે ત્રણ પાડાઓને વિંધી નાખતો બતાવવામાં આવ્યો છે. આ અનુભવ તેની પાસે ઉભેલાં ત્રણ પાડાઓની પાષાણમૂર્તિઓ ઉપરથી તારવી શકાય છે (ઇ. સ. ૧૧૭૮) ખરેજ તે એવા શૂરવીર હતા.

પછી આપણે શ્રી અચલેશ્વર મહાદેવના મંદિરમાં પ્રવેશીએ છીએ. અચલેશ્વર મહાદેવ ચૌહાણો અને દેવડાઓના કુળદેવતા છે. આ મંદિર કયારે બંધાયું તે કોઇ જાણતું નથી પણ વખતો વખત તેના જીર્ણોધ્ધાર સંસ્કારો થયા છે એટલું નક્કી. આ અચળગઢના દેવાલયમાં કલા કે શિલ્પ નથી પણ આ સ્થાન તો શ્રધ્ધા અને સાધનાનું છે. અહીં શિવલીંગ પણ નથી. ભગવાન પિનાકપાણીનાં એકમાત્ર અંગુઠાની પૂજા અહીં કરાય છે. પૂજારીના કહેવા પ્રમાણે આવા પૂણ્યતીર્થો હિન્દુસ્તાનમાં ઘણાં જુજ છે. વળી તેણે એમ પણ કહ્યું કે મંદિરની નીચેથી ગુપ્તગંગા વહે છે. આ મંદિરમાં એક મોટો નંદી અને ત્રિશુળ પણ છે. મંદિરને એક છેડે કુંભારાણાએ બંધાવેલું કુંભસ્વામીનું મંદિર પણ છે.

ઉનાળામાં મંદિરની અંદર રહેલી ચંપાવૃક્ષોની ઘટા ખીલેલા પીળાં ચંપાના પુષ્પોથી મઘમઘી ઉઠે છે. ચંપાપુષ્પોની મીઠી, તૃપ્તિભરી સુવાસ મુસાફરો માટે અત્યંત સુખદાયક નિવડે છે.

આ મંદિરની બહાર એક મોટી લોખંડની ગિલ્લી પડી છે. તેને બધા ભીમની ગિલ્લી કહે છે. બધા લોકો તેને ઉંચકવાનો પ્રયત્ન કરે છે. જે લોકો તે ઉપાડી શકે છે તેઓ ધાર્મિક અને અન્યથા પાપી એમ માનવામાં આવે છે.

અહીંથી હવે આપણે અચળગઢના જૈન મંદિરો જોવા માટે ઉપર ચઢીએ છીએ. કિલ્લાના પથ્થરના પગથિયાવાળાં રસ્તે આપણે મંદિર પાસે આવી લાગીએ છીએ બધા મળીને ત્યાં ચાર મંદિરો, બે ધર્મશાળાઓ અને એક ઓફિસ છે.

## ભગવાન આદિનાથનું મંદિર

ઇ. સ. ૧૫૦૯ માં સંઘવીઆસે બંધાવ્યું હશે એમ માનવામાં આવે છે.

## આદિનાથનું બીજું મંદિર

ઇ. સ. ૧૪૬૧ માં ઓસવાલ શાહ સાહ્રાએ બંધાવ્યું હશે એમ મનાય છે.

## શ્રી શાંતિનાથ ભગવાનનું ત્રીજું મંદિર

ઇ. સ. ૧૪૬૧ માં ઓસવાલ શાહના માતુશ્રીએ બંધાવ્યું હતું.

## શ્રી આદીનાથનું ચોથું મંદિર

ડુંગરપૂરના જૈનશ્રાવકે ઇ. સ. ૧૫૦૯ માં બંધાવ્યું હતુ.

જેમાંથી દૂરની અને વિશાળ પ્રદેશની સૃષ્ટિધારા જોઇ શકાય તેવી વિશાળ માળવાળી મોટી ઇમારત એજ આ મંદિરોનું ભવ્ય આકર્ષણ છે. બીજું, મંદિરની અંદરની પ્રચંડમૂર્તિઓ મિશ્રધાતુની બનેલી છે. બહુજ સફાઇથી ચમકતી એ મૂર્તિઓનું વજન આસરે ૧૪૪૪ મણ છે. ધ્યાન માટે સુરમ્ય અને શાંત મને આના કરતા બીજું એક પણ સ્થાન જોવા મળ્યું નથી અહીંજ નૈસર્ગિક સૌંદર્ય જળવાયું છે કારણ કે અહીં નિસર્ગનો નાશ કરનાર ક્રૂર માનવીઓ

પહોંચી શકે તેમ નહોતું. શ્રી શાંતિવિજયજી નામની મહાન સાધુ વિભૂતિએ પોતાના જીવનના ઘણાં વર્ષો અહીં વિતાવ્યા. તે દરમ્યાન તેમના ભાવુકોના આકર્ષણનું અચલગઢ એક અગત્યનું સ્થાન હતું. ઘણાંયે રાજવીઓએ તેમના આ ગુરુને ચરણે પોતાના મસ્તિષ્ક નમાવ્યા છે. ૧૯૪૨ ના શિયાળામાં તેમણે મુક્તિ મેળવી. અચલગઢ યોગમગ્ન વિભૂતિઓનું એક આસન છે. ડુંગરની ટોચે હોવાને લીધે નીચેની રેલ્વે લાઇન ઉપરથી પણ આ જૈન મંદિરો દેખાય છે.

આ મંદિરોથી થોડુ દૂર શ્રાવણ–ભાદરવો નામના બે તળાવો છે. કુદરતી રીતે ઘડાયેલા આ તળાવોમાં આખું વર્ષ પાણી રહે છે.

**અનેક ઐતિહાસિક અવશેષો જ્યાં યત્રતત્ર પથરાયેલા છે એવો આ અચલગઢ છે. વર્ષો ભલે એક પછી એક વીતી જાય પરંતુ આ સ્થળના અવશેષોનું શાંત અને ન જણાય એવું ગુંજન ભૂતકાલીન વૈભવની સતત્ યાદ આપ્યા કરશે જ્યારે કે ક્રિયાવંત અને પ્રવૃત્તિવાળી લડાયક અને શુર પ્રજાઓની આ ભૂમિ ગણાતી હતી.**

**એક વખતે સ્વાતંત્ર્યતાના પુજારીઓ જેવા કે રાણાપ્રતાપ અને મહારાવ શુરતાનનું આ આશ્રયસ્થાન એજ અચલગઢ આજે એક નિસર્ગ નિહાળવાનું માત્ર સ્થાન બની ગયું છે.**

**અરે! નિર્દયી કાળચક્ર!! તે શું ઉલ્કાપાત મચાવ્યો? અત્યારે તો એટલુંજ સાંત્વન લઇ શકાય કે કંઇ નહિ તોય અચલગઢ જેની કીર્તિ અને ગૌરવ પુસ્તકોની અને સ્મૃતિની બિના નથી થઈ પણ રહસ્ય પિપાસુ પ્રાશ્નિકોને હંમેશા પ્રેરણા આપશે, તેમના પર નિરંતર પ્રભાવ પાડતી રહેશે.**

—∞○∞—

# ગૌમુખ અને વસિષ્ટાશ્રમ

ગૌમુખ જેવા રમ્ય સ્થાનનો ઉલ્લેખ કર્યા વગર પ્રવાસીની માર્ગદર્શિકા પૂર્ણ ન કરી શકાય. આબૂ સીવીલ સ્ટેશનથી ત્રણેક માઇલ દૂર જતાં ઇદગાહને વટાવ્યા પછી આપણે હનુમાનજીના મંદિર પાસે આવીએ છીએ. હનુમાનજીના આ મંદિરથી ગૌમુખનો રસ્તો ફક્ત એક માઇલનો છે પરંતુ આપણે સાતસો જેટલાં પગથિયા નીચે ઉતરવાનું છે. ફૂલોથી ઝુલતાં આંબા, ચંપાં, મોગરા અને કરમદાના વૃક્ષોની ઘટામાંથી પસાર થતાં આપણે એક કુંડ પાસે આવીએ છીએ જેમાં ગાયના મુખમાંથી આખું વર્ષ પાણી ઝર્યા કરે છે. દિવાલની અંદરે ગાયનું મુખ જડેલું છે.

આની થોડીક નીચે વસિષ્ટ મુનિનું એક મંદિર છે. મુખ્ય મંદિરના ગર્ભગૃહમાં વસિષ્ટ ઋષિની મૂર્તિ છે તેની સાથે જ શ્રી રામચંદ્રભગવાન, લક્ષ્મણ, ઋષિપત્ની અરૂંધાતી અને કપિલમુનિની પ્રતિમાઓ પણ છે. અહીં એક અગ્નિકુંડ છે. રાજપૂતો એવું માને છે કે પરમાર, પરીહાર, સોલંકી અને ચૌહાણ જાતિઓનો ઉદ્ભવ આ કુંડમાંથી થયો હતો.

ઇ. સ ૧૩૩૭ માં મહારાવ કાન્હડદે દેવરાએ આ મંદિર બંધાવ્યું હતું. એક રસમય ઉજાણી માટેની બધી સગવડો અહીં છે.

હવે આપણે આબૂનું પર્યટન સમાપ્ત કર્યું. બીજી પણ કેટલીક વસ્તુઓ છે જેમનું આકર્ષણ નામમાત્રનું જ છે. બીજા લેખકોએ જેનો ઉલ્લેખ કર્યો છે એવી બિન જરૂરી વસ્તુઓનો ઉલ્લેખ ન કરવા માટે મેં મારો પ્રયત્ન કર્યો છે. પણ એનો અર્થ એવો નથી કે મેં એકપણ અગત્યના સ્થળને વર્ણવવું રહેવા દીધું છે.

વળી, હું જો આબૂની આસપાસના અગત્યના પ્રેક્ષણીય સ્થાનોનો ઉલ્લેખ ન કરૂં તો આ પુસ્તિકા અધુરી રહેશે.

આ રહ્યાં તેઓમાના મુખ્ય.

ઋષિકેશ, અંબાજી, કુંભારિયાજી, મુંગથલા, ચંદ્રાવતી, બામણવારજી, નાંદિયા, સિરોહી–સારણેશ્વરના શિવ મંદિરો, કોલરગઢ મીરપૂર.

# આબુના આજુબાજુના ઐતિહાસિક સ્થળો

## ઋષિકેશ

આબુરોડ રેલ્વે સ્ટેશનથી ઉત્તર-પશ્ચિમમાં દુર આબુની તળેટીમાં એક ભગવાન વિષ્ણુનું પુરાતન મંદિર છે. પૌરાણિક રાજા અંબરીશે એ બંધાવ્યું હતું એવી લોકવાયકા છે. પ્રતિવર્ષ દર્શનાભિલાષી ઘણાં હિંદુભાવીકો આ મંદિરમાં આવે છે.

## અંબાજી

આબુરોડ સ્ટેશનથી લગભગ બાર માઇલને અંતરે ઉત્તરમાં અંબાજીનું મંદિર આવેલું છે. મંદિર જે સ્થળે આવેલું છે તે આખોયે વિભાગ અંબાજી નામથી ઓળખાય છે. આ મંદિર આરાસુર પર્વતથી ઘેરાયેલું હોવાને લીધે અંબા માતા કદિક અરાસુરીને નામે પણ ઓળખાય છે. અંબા માતાનું આ મંદિર ભવ્ય છે અને તેની રચના કુશળતાથી થયેલી છે મંદિરની અંદર માતાની મૂર્તિ જેવું કશું નથી પરંતુ તેની સુંદર આકૃતિ વાળી ઘરેણા અને કપડાંઓથી શણગારેલી ભીંત મૂર્તિની ગરજ સારે છે. દર વર્ષે દિલ્હી, રાજસ્થાન, ગુજરાત અને સૌરાષ્ટ્રના દુરના પ્રદેશોમાંથી હજારો લોકો દર્શનાર્થે આવે છે. મેળાના પ્રસંગે આવેલા જાત્રાળુઓના ઉતારા માટે ત્યાં મોટી સંખ્યામાં ધર્મશાળાઓ બંધાઇને માતૃઅર્પણ થઇ છે. એ હકિકત જ ત્યાં થતા માનવ ધસારાનો ખ્યાલ આપે છે. અંબાજી જવા માટે આબુરોડથી બસો મળે છે. ઘણું કરીને જાત્રાળુઓ આબુરોડમાં એકાદ દિવસથી વધારે રોકાતા નથી. આ પ્રદેશ જ્યારે દાંતા નરેશની સત્તા નીચે હતો ત્યારે તેઓ જાત્રાળુઓ પાસેથી મુંડકાવેરો લેતા હતા. આ કર દાંતા સ્ટેટની આવકનો લાભદાયક માર્ગ હતો પણ મુંબઇમાં સ્ટેટનું વિલીનીકરણ થતાં તે અસ્ત પામ્યો છે.

આ મંદિરનો ઇતિહાસ અને તેના બાંધકામનો સમય શોધી કાઢવાનું કામ ઘણુંજ કપરૂં છે. પણ એટલું તો કહી શકાય કે મંદિર ઘણુંજ પ્રાચીન છે. ત્યાં કેટલાંક સત્તરમી સદીના આલેખો છે પણ તેનાથી ઉપલી હકિકત ઉપર કશો જ પ્રકાશ પડતો નથી. પોતાની ઇચ્છાઓને પૂર્ણ કરવા માટે જે લોકોએ માતાની મદદ માટે વ્રત કરેલું તે દૂર દૂરના લોકો માતાજી માટે ભેટ–સોગાદો લાવે છે અને તેમના ચરણે ધરે છે. આ રીતે ત્યાં અનેક ભેટોનો મોટો સંગ્રહ થયો છે. આ મંદિરની અંદર સર્વવ્યાપી આરસ કામ અને શણગાર છે.

# કુંભારિયા

દેલવાડામાં જે આપણે જોઇએ છીએ તેની આ લઘુકૃતિ છે. અહીં કેટલાક ઠેકાણે તો તેનાથી પણ ચડીયાતું કામ જોવા મળે છે. અંબાજીથી લગભગ બે માઇલના અંતરે કુંભારિયાજી નામનું ગામ આવેલું છે. ત્યાં પાંચ જૈન મંદિરો છે જેમાંના કેટલાકમાં આરસની સુંદર કોતરણી અને આલેખન છે. આ મંદિરો કોણે બાંધ્યા તે કોઇ જાણતું નથી. છતાં મંદિરો તરીકે તેઓ ભવ્ય છે એમ કહી શકાય. અહીંના શ્રી શાંતિનાથ ભગવાનના મંદિરમાંથી ૧૧મી સદીનો જુનામાં જુનો શીલાલેખ મળે છે. ઇતિહાસના અગમ્ય પ્રદેશને ઉખેળવો એ અમારો વિષય નથી પણ એટલું નિર્વિવાદ છે કે કુંભારિયાજીનું ગામ આ મંદિરો કરતાં વધારે જુનું છે અને દેલવાડાના મંદિરો પ્રખ્યાત થયા પછી જ તેમનું બાંધકામ થયું હોવું જોઇએ. એટલે અહીં દેલવાડાની અસર સુસ્પષ્ટ રીતે દેખાઇ આવે છે. જે વ્યકિતઓએ દેલવાડા મંદિર બંધાવ્યા તેમણે જ આ મંદિરો બંધાવ્યા હોય તેવી પ્રબળ શકયતા છે કારણ કે વિમળ શાહ અને તેના અનૂજો ચંદ્રાવતી નગરીમાં જ રહેતાં હતાં. આ ગામની આસપાસ વિખેરાયેલાં અવશેષો આ મંદિરના બાંધકામ થયા તે સમયની જાહોજલાલી અને ભવ્યતા ઉપર ઘણો જ પ્રકાશ પાથરે છે. હાય રે કાળ?! એક ધ્વંસ...કે

સર્વનાશની ભયંકર વાત શીવાય આપણે અહીં બીજું શું જોઇએ છીએ? જાત્રાળુઓના આશ્રય માટે અહીં એક જૈન ધર્મશાળા છે.

આ મંદિરોની નજીકમાંજ પહાડી ગુફામાં કોટેશ્વર મહાદેવનું શીવ મંદીર આવેલું છે તેની પાસેથી સરસ્વતી નામની નાની નિર્ઝરી સતત વહ્યા કરે છે. આ સ્થળ અત્યંત રમણીય અને શાંતિપૂર્ણ છે.

# મુંગથળા

મંડારરોડ પર આબૂ રોડથી સાડાચાર માઇલ દૂર મુંગથળા નામનું નાનું ગામડું છે. ઐતિહાસિક રીતે મહત્વની અહીં બે વસ્તુઓ છે. મુદ્ગલેશ્વર મહાદેવના મંદિરમાં ઇ. સ. ૮૯૫ નો અતિ પ્રાચીન શીલાલેખ છે. આ ઉપરાંત ત્યાં એક ઘણું જુનું શ્રી મહાવીરસ્વામીનું મંદિર છે જેની અંદર પણ ઇ. સ. ૧૧૫૯ની સાલનો શીલાલેખ છે. ત્યાં બીજા પણ તેરમી, ચૌદમી, પંદરમી અને સોળમી સદીના આલેખો હોવા છતાં ઉપલા આલેખની ઐતિહાસિક અગત્યતા ઘણી વધારે છે. ભગવાન મહાવીરના અસંશોધિત અગમ્ય જીવન પ્રકરણ તરફ અહીં અંગૂલીનિર્દેષ થાય છે અને એક મૂળભૂત સંશોધનનો પ્રશ્ન ખડો કરે છે. તેવીસ વર્ષ પહેલાં મુનિશ્રી જયંતિવિજયજીએ આને પ્રકાશમાં લાવ્યો. એ શીલાલેખ સૂચિત કરે છે કે પોતાના એકાંતવાસ દરમ્યાન પોતાની સાડત્રીસ વર્ષની ઊંમરે ભગવાન્ શ્રીમહાવીર મુંગથલામાં આવ્યા. આ હકિકતની ખબર અત્યારના જૈનોને પણ નહોતી પણ મધ્યયુગના જૈન ગ્રંથોમાંથી આ માન્યતાનો ઉલ્લેખ મળી આવે છે. કદાચ આજ કારણને લીધે મુંગથલાને, મુંગથલા મહાતીર્થ ગણવામાં આવતું હતું. હાલમાંજ કેટલું ખોદકામ થયું છે જેને પરિણામે તેનો ઘણો ભૂગર્ભ ભાગ બહાર આવ્યો છે. મારી એ આશા છે કે જો હિંદના અગમ્ય ભૂતકાળમાં મારેલી એક ફલકીથી શ્રી મહાવીરભગવાનનું મુંગથલાનું

આગમન સિધ્ધ થઇ શકયું તો ધર્મપ્રિય જૈન સમાજ આ સ્થળને શ્રધ્ધાનું મૂર્ત સ્વરૂપ અને જાત્રાધામ બનાવવામાં પોતાનો કોઇ પણ પ્રયાસ બાકી રાખશે નહિ. એટલૂં જ નહિ પણ અનેક ઐતિહાસિક રહસ્યો પણ વાસ્તવિક ઘટના બની રહેશે. દાખલા તરીકે શ્રી. મહાવીરસ્વામી બામણવાડજી, નાદિયા અને દીયાનામાં આવ્યા હતાં કે નહિ ? જો એમ નહિ તો. નાદિયા અને દિયાનાના મંદિરો મહાવીરસ્વામી જીવતા બંધાયા હતા તેવી અતિદ્રઢ લોકમાન્યતા ખોટી ઠરશે. આ માન્યતાને હઠાવી દેતાં પહેલાં એક સંપૂર્ણ તપાસની જરૂર છે અમારી અભિલાષા છે કે આવો એક દિવસ જરૂર ઉદય પામશે. મુંગથલાથી ફરી આપણે આબૂરોડ આવીએ છીએ.

# ચંદ્રાવતી

ચંદ્રાવતી નગરીનું નામ મહદ્અંશે રાજસ્થાન અને ગુજરાતમાં જાણીતું છે આબૂરોડથી ચાર માઇલ દૂર દક્ષિણ વિભાગમાં પરમાર અને દેવડાઓની આ રાજધાની કાળ અને કુદરતના રાક્ષસી વેરનું ચિત્ર રજુ કરે છે. કોઇક કાળે શૂર યોધ્ધાઓની, વિલક્ષણ વ્યાપારીઓ અને વિવિધ ધર્મોના લોકોની ચહલ-પહલથી ગાજતું આ ભવ્ય શહેર આજે ભૂતકાળની મહોજલાલી અને ભવ્યતાનો સંદેશ આપતી ભવ્ય ઇમારતો, સ્મરણસ્તંભો અને પાષાણના ઢગલાઓ વચ્ચે સુતું છે. જૈનો અને શૈવોના ભવ્ય મંદિરોના ભગ્નવશેષોમાં હજીએ પોતાની અનૂજ પ્રજા માટે તે વખતની પ્રજાએ તીવ્ર આસકિતથી કુળવેલી સંસ્કૃતિ અને જીવનપધ્ધતિ, સમૃદ્ધિ અને કાર્યદક્ષતા, કલા અને કલારસિકતાની અનાલેખિત ઇતિહાસ-સ્મૃતિ છે. પંદરમી સદીના જૈન ગ્રંથો કહે છે કે ચંદ્રાવતી કે જે નગરીમાં આટલા બધાં મંદિરો માટે વિશાળ પટ હતો તેમાં હજારો ઘર હશે એમ માનવું અતિશયોકિત નથી. અને તેથી જ જો હોડાદ્વારથી માવળ સ્ટેશન સુધી આપણને તેના અવશેષો વેરાયેલા દેખાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી.

મંદિરોની આ સંખ્યા તે કાળ અને યુગની છે જ્યારે ચંદ્રાવતી સિરોહી સ્ટેટનું પાટનગર ન હતું અને જ્યારે ઇસ્લામી લૂંટારાઓ અને મૂર્તિભંજકોએ અનેક ચઢાઇઓ અને હુમલાઓથી આખા પ્રદેશ પર સર્વનાશનું તાંડવ ખેલ્યું હતું. એટલે કે તેની પડતીની શરૂઆત તો ત્યારે જ થઇ ગઈ હતી. આવી આ ચંદ્રાવતીનું એક પણ ઘર કે એક પણ વ્યકિત જીવતી નથી. વેરવિખેર અહીં તહીં પડેલા કલાત્મક સ્તંભો, કોરેલા ઘુમ્મટો અને બીજા આરસપથ્થરો પ્રવાસીઓના શ્રુતિપ્રદેશ પર નસીબની કરૂણ વાતનો રડતો સૂર આજે પણ રેલાવી રહ્યા છે. આ દશ્યથી વ્યથિત થયેલો પ્રવાસી ફકત નિરુપાય બની નિશ્વાસ મૂકે છે અને કહે છે કે એક દિવસ જરૂર આવશે જ્યારે તમે બધાં પાછા જરૂર જાગશો.

મુસ્લીમ યુગની અંદર લશ્કરી વ્યુહની દૃષ્ટિએ અગત્યના સ્થળોની જેમ વધારે ને વધારે જરૂર જણાતી ગઇ તેમ તેમ ચંદ્રાવતીની મહત્તા ઘટી. રાજધાની જ્યારે ફેરવાઇ ગઇ ત્યારે ધીરે ધીરે વ્યાપાર ઓછો થયો, સમૃદ્ધિ અસ્ત થવા લાગી અને એક પછી એક લોકોએ પણ તેનો ત્યાગ કર્યો. તેનું આખરી પરિણામ શું આવ્યું તે આપણે આજે જોઇ રહ્યાં છીએ. ચંદ્રાવતી વિષેનો છેલ્લામાં છેલ્લો ઉલ્લેખ જે મને ખબર છે તે જૈન ક્રોનિકલમાં મળી આવતો ઇ. સ. ૧૬૫૮ નો છે. જ્યારે કર્નલ ટોડ ઇ. સ. ૧૮૨૨ માં આ સ્થળે આવ્યા ત્યારે પણ ત્યાં થોડાં મંદિરો હતાં, તેમણે તેના ફોટાઓ લીધાં. ચંદ્રાવતી કેવી હતી અથવા કેવી થઇ હોત તેની આછી સ્મૃતિ શિવાય હવે ત્યાં કશું જ બાકી રહ્યું નથી.

બામણવાડજી, નાદીઆ, સિરોહી—સારણેશ્વરજી, કોલરગઢ અને મીરપૂરનો ઉલ્લેખ કર્યા વગેર અમને લાગે છે કે આ પુસ્તક અધુરૂં ગણાય.

# બામણવાડજી

આબુરોડથી હવે આપણે દક્ષિણમાં લગભગ ત્રીસ માઇલને અંતરે આવેલા રેલ્વે સ્ટેશન સિરોહીરોડ પહુંચીશું. સિરોહી રોડથી બામણવાડજી ચાર માઇલ દૂર છે. ત્યાં જવા માટે બસની સગવડ પણ છે. બામણવાડજી જૈનોનું પ્રાચીન યાત્રાધામ છે. અહીં ભગવાન મહાવીરનું એક મંદિર છે, લોકોકિત એવી છે કે ૨૧૦૦ વર્ષ પહેલાં સમ્રાટ સંપ્રતિએ આ મંદિર બંધાવ્યું અને એમ પણ કહેવાય છે કે ભગવાન મહાવીરે પોતાના કાનોમાંના ખીલા ખોંસી દેવાની વેદના ભોગવ્યા પછી પોતે અહીં આવ્યા અને બામણવાડજીમાં તે ખીલા દૂર કર્યા હતા. અહીં એક સ્થળે શ્રી મહાવીરના પગલાઓ કોતરવામાં આવ્યા છે. જે વખતે ઉપલો બનાવ બન્યો તે વખતનું જ આ સ્થળ છે જૈન ઇતિહાસમાં મળતા ઉલ્લેખ પ્રમાણે કહી શકાય કે આ મંદિરની જીર્ણોધ્ધાર વિધી ઇ. સ. ૭૬૪ માં થઇ. છતાં આ મંદિર આ સમય પહેલાં બંધાણું હશે એમ માનવાને અનેક કારણો છે.

૧૬ મી સદીમાં મુળગભારાની આજુબાજુમાં નવી દેહરીઓ બાંધવામાં આવી હતી. ઘણી ખરી દેહરીઓ ઉપર વિક્રમ સંવત ૧૫૨૯ છે. ભગવાન મહાવીરની પ્રતિમા એમ કહેવાય છે કે રેતીની બનેલી અને આખા હિન્દમાં કયાં એ ન મળે એવી જુદા ઢંગ ની છે. પ્રતિમાની ઉપર વખતો વખત મોતીનો વિલેપન થયો છે.

આ બામણવાડા દેરાસર આજુબાજુ એક નાનકડી પહાડી થી ઘેરાએલું છે. આની ઉપર ટેકરી ઉપર એક છત્રી છે ત્યાં ભગવાન મહાવીરના ચરણ-પાદુકાઓ છે. આ છત્રીની પાસે એક બંગલો સ્વર્ગીય શાન્તિસૂરીશ્વરજી મહારાજ માટે બનાવવામાં આવ્યો હતો જ્યારે તેઓ જીવતા હતા. આ બંગલામાં તેઓ ધ્યાનમાં બેસતા હતાં. પહાડી ઉપર ચઢવાનું સરલ છે.

બામણવાડા ભગવાનના બધા માણસો, હિન્દુઓ, જૈનો, ગીરાસીયા, ભીલ બધા તેમના દર્શને આવે છે પરન્તુ દેરાસરોની મિલ્કીયત તેમજ આની વ્યવસ્થા જૈનોના હસ્તક છે સિરોહી રાજ્યના રાજવીઓ અહીંયા અવાર નવાર દર્શન કરવા આવતા અને આજ થી ૧૨૫ વર્ષ પહેલાં મહારાવ શિવસિંહે આ ચોફેર કોટની દીવાલ કઢાવી ભગવાનને ભેટ કરી આપી. આ દીવાલ ૧૫૦×૧૨૫ છે, તેઓએ કેટલાક કુવાઓ અને જમીન પણ ખર્ચ નભાવવા માટે આપી હતી તે હજુ સુધી ચાલતી આવે છે અને આવકનું એક સાધન છે. અહીંયા એક ગોશાળા, વિશ્રાન્તિ ગૃહ, બગીચો અને રહેવાની બધીજ સગવડતાઓ છે.

# નાદીઆ

બામણવારજીથી ત્રણ માઇલ દૂર નાદીઆ ગામ આવેલું છે. રાણકપુરજીના પ્રખ્યાત મંદિર બંધાવનાર શ્રી. ધનાશાહ આ ગામનો વતની હતો. ઘણી વખત આ ગામ નન્દીપુર નામે પણ ઓળખાય છે. આ ગામની બહારના બે સ્થળો પણ નોંધપાત્ર છે,

એક સ્થળે ભગવાન મહાવીરને કરડનાર ચંડકોશીક સર્પની આકૃતિ છે. લોકો આ સ્થળની પૂજા કરે છે. બીજે સ્થળે વડના ઝાડપાસે ભગવાન મહાવીરનું મંદિર છે. અહીંની મહાવીરસ્વામીની પ્રતિમા તે પ્રકારની મૂર્તિઓમાં આગવી અને એક જ છે. પથ્થરમાં કોરાએલી મૂર્તિની સાથે પરીકરો પણ આલેખાયેલા છે. આ એક જૂજ પ્રકારની મૂર્તિ છે, ઇ. સ. ૧૦૭૩ ના આલેખો મળે છે પણ અહીનું મૂર્તિવિધાન તે સમય પહેલાનું છે. ચંડકોશીકનો ઉલ્લેખ ઘણો જ અગત્યનો છે કારણ ભગવાન મહાવીર આ પ્રદેશમાંથી પસાર થયા હશે એ માન્યતાને ફરીને તે પુષ્ટિ આપે છે. ચંડકોશીકની છત્રી પાસે બીજા ઘણાં જુના લખાણો છે પણ હજી તે અણઉકેલ્યાં જ રહ્યા છે.

# સિરોહી

પાછા આપણે બામણવાડજી આવીશું. ત્યાંથી સિરોહી તરફ પ્રયાણ કરીશું ઇ. સ. ૧૪૦૫માં જ્યારે રાવ શેષમલે ચંદ્રાવતી ત્યાગી ત્યારથી સિરોહી રાજ્યની રાજધાની રહ્યું છે. સિરોહીની શમશેર પ્રસિધ્ધ છે. હાલમાં પણ ત્યાંના કારિગરો આ કલામાં પોતાનું કૌશલ્ય દાખવે છે, કારણ આ પ્રકારના હથિયારની માંગ અત્યારે પણ ઘણી છે. અત્યારે સિરોહી રાજસ્થાનમાં ભળી ગયું છે અને જીલ્લાનું તે મુખ્ય શહેર પણ છે, ત્યાં પાલીતાણાની ઢબે એક હારમાં બંધાએલા ૧૩ જૈન મંદિરો છે. બીજું પણ એક ગામ બહાર મંદિર છે, આમાના ઘણાં ખરા મંદિરો સત્તરમી સદીમાં બંધાએલા છે. શ્રી ચૌમુખજીનું મંદિર ત્રણ માળનું અતિ વિશાળ મંદિર છે. દૂરના ઘણા યાત્રાળુઓ આ મંદિરને જોવા આવે છે પ્રાગવટ સંઘવી મેહજલજીએ આ મંદિર બંધાવ્યું હતું. તેની પ્રતિષ્ઠાવિધિ ઇ. સ. ૧૫૮૭ માં આચાર્ય શ્રી હીરવિજય-સૂરિએ કરી હતી, અહીં જૈન મૂર્તિઓ, અવશેષો, અને બીજી અનેક વસ્તુઓનું એક નાનું સંગ્રહસ્થાન પણ છે દેલવાડા અને બામણવાડજીની વ્યવસ્થાપક સમિતિની મુખ્ય ઓફિસ અહીંજ છે. અત્યારે સિરોહીમાં લગભગ ૧૪૦૦૦ની વસ્તી છે. મુસાફરો અને જાત્રાળુઓ માટેની બધી સગવડો અહીં ઉપલબ્ધ છે. અહીંયાં આઠ-દસ સારા હિન્દુ મંદિરો પણ છે.

ઔદ્યોગિક વિકાસ વગર સિરોહીની જનતા જે ગરીબ છે ઉંચે આવી શકશે નહિ. આર્થિક દ્રષ્ટિએ સાધારણ સ્થિતિ સારી નથી જોકે શિક્ષાનો પ્રસાર અત્રે સારો છે.

# શ્રી સારણેશ્વરજી

સિરોહીથી બે માઇલ દૂર સારણેશ્વરજીનું શૈવ મંદિર આવેલું છે. આખુંએ મંદિર કિલ્લાની દિવાલોથી સુરક્ષિત છે. અત્યારના અને પહેલાનાં સિરોહીના મહારાવ દર સોમવારે ત્યાં પૂજા અર્ચન

માટે જાય છે. સારણેશ્વરજીના ચોગાનની અંદર સ્વર્ગવાસી રાજાઓ અને તેમની રાણીઓની છત્રીઓ છે. સતત વહેતા કુંડો અને તળાવો પણ ત્યાં છે દૂર સદૂરથી ઘણાં હિંદુઓ દર્શનાર્થે અહીં આવે છે.

સારણેશ્વર મહાદેવ આ નામ "સરણુવા" પર્વતને નામે પડ્યું હશે. સિરોહીનો જે પહાડ છે તે સરાણુઆ પર્વત કહેવાય છે. એક પ્રચલિત લોકવાર્તા આ મંદિર બાબત આવી છે કે ઐતિહાસિક પુરૂષ તૈમૂર લંગ આ તરફથી પસાર થતો હતો તે વખતે ભગવાત સારણેશ્વરજી એ પોતાનો ચમત્કાર બતાવ્યો અને તેના હાથ પગ એવા ક્રિયા શુન્ય બની ગયાં કે તે કંટાળી ગયો. કેટલાક તેને આ સ્થળે ભગવાન્ શંકરની સહાય માંગવા કીધું પરન્તુ તેનો સ્વીકાર તેઓ કર્યો નથી. કહેવાય છે કે પાછળથી ભગવાનની આરાધના કરી અને ત્યાર પછી સારો થયો પોતાની સ્મૃતિ માટે મંદિરની ચારો તરફનો કોટ તેમણે જ બંધાવ્યો હતો. આ દંતકથાને પુષ્ટિ આપતાં કશા સાધનો નથી પણ છે આ રસપ્રદ. આ ચૌફેર કોટમાં ગામ આવી ગયું છે.

# કોલરગઢ

સારણેશ્વરજીથી આગળ ચાલતાં ૨।। માઇલ દૂર કોલરગઢ નામનું રમણીય સ્થાન આવે છે. અકબર બાદશાહના જમાનામાં તે એક સમૃદ્ધ સ્થાન હતું. સિરોહીના રક્ષણ માટે જે લડાઇઓ થતી હતી તે વિશેષ કરીને કોલરગઢમાંજ થતી હતી. અકબર સાથે સિરોહી નરેશે અહીંયા લડાઇ લડી હતી. ત્યાર પછી વસ્તી ઓછી થતી ગઇ. ૧૬–૧૭ સદી પછી તે ખંડીએર બની ગયું. ત્યાંનો કીલ્લો અને દીવાલ તેના ઐતિહાસિક મહત્વનો ખ્યાલ આપે છે ત્યાં પહાડ ઉપર એક આમ્બેશ્વર મહાદેવનું મંદિર છે જ્યાં દર સોમવારે સારી સંખ્યામાં માણસો આવે છે. ઉપર તેમજ નીચે વિશ્રામ–સ્થાનો બની ગયા છે.

તે સિવાય અહીંયા શ્રી આદિનાથનું રમણીય જૈન મંદિર

પણ છે. ચોરો અને લૂંટારાઓનું આશ્રય સ્થાન કેટલાક વખત સુધી રહ્યા પછી આ મંદિરનો જીર્ણોદ્ધાર સિરોહી નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતીય સંઘવી જવાનમલના પ્રયાસે થયો અને ભગવાન્ વિરાજમાન કર્યા. ત્યાં એક ધર્મશાળા પણ બંધાઇ. આજે આ સ્થળ વિશ્રાન્તિ અને એકાન્ત માટે ઉત્તમમાં ઉત્તમ જગ્યા છે મેન રોડથી આને પાકી સડકથી જોડી દેવામાં આવ્યું છે.

# મીરપુર

આ સ્થળ સિરોહીથી ઉત્તરમાં દસ માઇલને અંતરે રહેલું છે. મીરપૂરનું બીજું નામ હમીરગઢ છે. એક વખત ઘણા લોકો અહીં વસતા હતાં. પથ્થરની દિવાલોના અવશેષો એવી પણ પ્રતિતિ કરાવે છે કે અહીં પહેલા એક સુરક્ષિત કિલ્લો હશે. મીરપૂરનો પૂર્વ ઇતિહાસ અમે જાણતા નથી પણ એમ કહેવાય છે કે ઇ. સ. ૭૫૧ માં હમીરગઢ ગામ વસાયું હતું આ માન્યતા માટે કોઇપણ ઐતિહાસિક ભૂમિકા મળતી નથી.

મીરપૂરમાં અત્યારે ચાર જૈન મંદિરો, એક ધર્મશાળા અને એક બગીચો છે. ત્યાં એકજ મંદિર છે જેમાં કેટલીટ મૂર્તિઓ જોવા મળે છે, બાકીના બધાં મંદિરોમાં મૂર્તિઓ નથી.

અત્યારે સિરોહી–અનાદરા રોડ સાથે પાકો રસ્તો દેરાસરો સુધી બાંધવામાં આવ્યો છે. અહીંયા રીંછ, ચીત્તાઓ અને બીજા કેટલાક જંગલી જાનવરો છે. આ દેરાસરોની સંભાળ કલ્યાણજી પરમાનંદજી રાખે છે.

પરંતુ આ મંદિર ઘણુ જ સુંદર અને કલાત્મક છે કારણ અહીં આરસની નહિ પણ બીજા પ્રકારની ઘણી કોતરણી છે. પુરાતત્ત્વવેત્તાઓનું કહેવું છે કે આ મંદિરોનું બાંધકામ પણ દેલવાડાનું અનુકરણ છે. છતાં કેટલાક નમુનાઓ દેલવાડાથી તદન જુદા પડી આવે છે. ઘુમ્મટો, સ્તંભો અને બીજી કિનારો સુંદર છે. તેની બરાબરી બીજે કોઇ ઠેકાણે થઇ શકી નથી.

આ નમુનાઓની ઉપેક્ષા થઇ તેથી જ બહારની દુનિયા તેમના વિષે કશું જ જાણતી નહોતી. હાલમાં મંદીરોની યોગ્ય સંભાળ લેવાના કેટલાક પ્રયત્નો થઇ રહયા છે. આ મંદિરોની અંદર લગભગ ૧૬ મી સદીની આસપાસના લેખો છે. આ ઉપરથી એમ માની શકાય કે તે વખત સુધી તો હમીરગઢનો દુર્ગ સાબુત હતો. માર્ગ ઉપરના એક મંદિરની અંદર ઇ. સ. ૧૧૬૫ નો આ લેખ છે પણ હમીરગઢના ઇતિહાસ ઉપર કશોજ પ્રકાશ પડતો નથી.

મીરપુરથી પાછા વળી આપણે સિરોહી આવીએ અને ટ્રેન પકડવા માટે હવે ફરી આપણે સિરોહીથી સિરોહી રોડ આવવું પડે છે.

બહારની દુનિયાથી અંધકારમાં સંતાયેલા ઐતિહાસિક અને ધાર્મિક રહસ્યો ધરાવતા અનેક સ્થળો જે જોવાની ઇચ્છા આપણે લાંબા કાળથી સેવી હતી તે બધાં જોઇને આપણે હવે આપણી મુસાફરીનાં અંત પાસે આવીને ઉભાં છીએ.

